

મુગ્ધ પ્રવાસી


ફોટો • જગન મહેતા

કુમાર

એપ્રિલ ૧૯૪૫ આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું અગ્રણી માસિક સળંગ અંક ૨૫૬

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી • બચુભાઈ રાવત



ગિરનાર

ચિત્રકાર • રવિશંકર પંડિત

કુમાર

એપ્રિલ ૧૯૪૫

અંક ૨૫૬

પ્રકાશન તા. ૧૬-૪-૧૯૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા


લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબઈમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

આપણી પ્રાચીન મૂર્તિઓના અભ્યાસની સામગ્રી: તેમનાં આયુધો



મૂર્તિશાસ્ત્ર પરિચય—[૩] મૂર્તિનાં આયુધો

પાછલા હપ્તામાં મૂર્તિનાં અંગોમાં મુદ્રાઓ સુધીની વિગત રજૂ કરવામાં આવેલી. હવે આયુધોનો પરિચય કરીએ. દેવો જે વસ્તુઓ હાથમાં ધારણ કરે છે તે આયુધો કહેવાય છે. દેવોને ઓળખવામાં આ આયુધો મુખ્ય ભાગ ભજવે છે. દાખલા તરીકે જે દેવના ચાર હાથોમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ એ ચાર આયુધો હોય તે વિષ્ણુ. એવી જ રીતે પ્રત્યેક દેવ કે દેવી જુદાજુદા પ્રકારનાં આયુધો ધારણ કરે છે. ઉપરના ચિત્રમાં માત્ર મુખ્યમુખ્ય આયુધોનાં જ આલેખનો આપ્યાં છે. આ ઉપરાંત બીજાં પણ કેટલાંક આયુધો છે, પણ તે સામાન્ય માણસને પણ પરિચિત એવી વસ્તુઓનાં હોવાથી અને તે ઓળખવાં સહેલાં હોવાથી અહીં તેમનાં ચિત્રો આપ્યાં નથી. વળી એવાં આયુધો થોડાંક જ છે. ચિત્રોની નીચે આયુધોનાં સંસ્કૃત નામો આપ્યાં છે, જે મોટે ભાગે પરિચિત છે. વળી, ચિત્રો જોઈને પણ સૌ તેમને ઓળખી શકશે એટલે ગુજરાતી નામોની જરૂર નથી. જે આયુધનું અંગ્રેજી નામ નથી આપ્યું તે અંગ્રેજીમાં સંસ્કૃત નામથી જ ઓળખાય છે. બધા પ્રદેશોમાં અને બધી મૂર્તિઓમાં આયુધો તદ્દન આ ચિત્રોમાં દર્શાવેલાં છે તેવાં જ અને એ જ રીતે ધારણ કરેલાં હોય છે એમ સમજવાનું નથી. જરાતરા ફેરફાર પણ હોય છે. પણ એ ફેરફાર આયુધોને ઓળખવામાં આડે આવતો નથી.

અમૃતલાલ વ. પંડ્યા

વર્ષ ૨૨ મું · અંક ૪ થો **કુમાર** એપ્રિલ · ઈ. સ. ૧૯૪૫

જાગ અગની!

જાગ અગની ! જાગ અગની !
જાગ લગની, જાગ હે !
ભસ્મ કરવા તમસ-વગડા
જાગ અગની, જાગ હે !
માગ, મૂકે માગ અંધારાં બધાં,
માગ, ભાગે ભૂત અંધાં અધસનાં,
માગ, જાગે રાગ અનહદ ઊર્ધ્વના.
જાગ અગની, જાગ અગની, જાગ હે !
ચાલ, ઝટઝટ ચાલ, ઉઘડે બારણાં,
ચાલ, ચિર ઉપવાસનાં આજે થવાનાં પારણાં,
ચાલ, જો જો, એ ઉષા લેવા ઉભી ઓવારણાં,
જાગ અગની, જાગ અગની, જાગ હે !
બાલ, તારો વાળ વાંકો પણ નહીં હાવાં થશે,
બાલ, તારે પંથ અણબુઝ જ્યોત સઘળું ચીંધશે,
બાલ, દિવ્ય મરાલ! માનસ તાહરાં તું પામશે!
જાગ અગની, જાગ અગની, જાગ હે !

સુન્દરમ્

અધસનાં = અધસ્-અધોજગતનાં.

જુડાસને

· રથોદ્ધતા ·

બેય હાથ અભયે ઉંચા કરી
સ્વસ્તિમંત્ર દઈને મર્યો ઈશુ.
તારૂં મૃત્યુ અણપ્રીછયું શ જતું ?
એક વાત સહુ ભૂલતા હતાઃ
મૂલ્ય દ્રોહનું ફગાવ્યું તેં હતું.
મૂર્ખ તું, ધનિકનો ગુલામ થૈ
મૂર્ખ તું, થઇ ગુલામ ધર્મનો
આત્મઘાત કરતો હણાઇને.

જાહ્નવી નયનની વહી હતી
તે ભૂલ્યું જગત, કેમ હું ભૂલૂં ?
રુદને વ્રણ ભલે રૂઝાય સૌ
ઘા ભુલાય નહિ જીવને કદી.
દોષ શો દઉં તને, જુડાસને ?
દ્રોહી કોણ નથી જીવને થયું ?

હરિશ્ચન્દ્ર ભટ્ટ



જુડાસ-ઇશુખ્રિસ્તનો શિષ્ય, જેણે દ્રવ્યલોભથી ઈશુને પકડાવી દીધો. ઇશુના વધ બાદ પશ્ચાત્તાપનો માર્યો એ દ્રવ્ય ફેંકી આપઘાત કરી એ મૂઓ.

વિજન ઘાટ

૧
આવે છે કો વિજન ઘાટે
ફૂલ-પરિમલ લેવા;
જાય છે કોઇ મેઘલી વાટે
વીજલ જ્યોતિ દેવા.

૨
જાય વળી કો પ્હોર પ્રભાતે
જીવનલાલી રોપી;
આવે વળી કો સાંજને ટાણે
ઢાંકણ કાળું ઓઢી.

૩
જાય ને આવે, જાય ને આવે
ક્ષણક્ષણની રેલ;
ઘસી પડે ને ઊપડે પાછી
અણુઅણુની સ્હેલ.

૪
આવવું જવું કાંઇ ન જેને
જોયા કરે શોક છાંડી;
શૂન્ય સરીખો વિજન ઘાટ તો
મૌન રહે મીટ માંડી.

દેશળજી પરમાર

છેલ્લી મીટ

· ખંડ શિખરિણી ·

ઢળેલી સંધ્યાઓ,
સ્મૃતિ-કેસૂડાંઓ
ગિરિવરશિરે જાય ઢળતી
—જતાં છેલ્લીવેલી;
નમેલી જ્યોત્સ્નાઓ,
અમી કેરી ધારો
સરવર-ઉરે જાય છલકી
—સુધા હેલી રેલી;
વળેલી ધેનૂઓ,
સુનેરી રેણુઓ
મહીં રણકતી ઘંટધ્વનિઓ
—મૂકી જાયે વેરી,
સખિ ! જાઓ છોડી,
ધણો છેલ્લી ચોરી
ત્યમ મુજ ઉરે દૃષ્ટિ વરસી !

રતિલાલ છાયા

માનવી સામર્થ્ય


જાગ્યાં જગે ઘનદળો પરિતાપપૂર્ણ,
તેને પ્રવાત સમ રૂષ્ટ બની વિખેરે
વા હૃષ્ટ થૈ જગતપે દુઃખમેહ રેડે
એકાદ યે તુજ તણા મનનો વિકાર:
સામર્થ્ય એ શું તુજ જાણ તું માનવી આ !

અશોક હર્ષ

આવતી કાલનાં નાગરિકોનું અગ્રણી માસિક

સ્વામીની વિરક્તિ·કવિનીભક્તિ

રામકૃષ્ણ પરમહંસ અને મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરે જગતને એક મહાદાન કર્યું છે: પોતાના જીવનદર્શનને આયુષ્યમાં વણી બતાવીને, ને તેથી યે વધુ, સવાયા વારસદાર આપીને. રવીન્દ્રનાથ મહર્ષિ દેવેન્દ્રનાથ પુત્ર હતા તેમ સ્વામી વિવેકાનંદ પણ રામકૃષ્ણનાં માનસસંતાન જ હતા. પોતાની સાધના પૂર્ણ થયા પછી પોતાનો સંદેશ ધારી શકે એવા વારસ માટે રામકૃષ્ણનું અંતર ચીસ પાડી ઊઠતું. ભગવતીને ચરણે તે પ્રાર્થના કરતા, 'મા, મને તો હવે બાળક થવાનાં નથી, પણ તારું દાન ઝીલી શકે એવા કોઈને તું જ મોકલ.'



અને તેમના સંદેશને જગતવ્યાપી બનાવનાર પુત્ર ઈશ્વરે તેમને આપ્યા. રામકૃષ્ણની દીક્ષા પામેલા સ્વામી વિવેકાનંદનું જીવનદર્શન ભવ્ય છે, અદ્ભુત છે. તેમાં જગતના સામાન્ય ને સાધારણ જીવનક્રમથી નિર્લેપતા છે, પણ જગત પ્રત્યે વિમુખતા નથી. પાર્થિવ વસ્તુઓનો મોહ પ્રજાળી, કામિની-કાંચનની જાળને ફગાવી, ઈશ્વરાર્થે અને તેના આદેશથી માનવતા માટે મરી ખૂટવાની તેમાં તમન્ના છે, આત્માનો જોહર છે. સ્વામી આપણને આ સંસારની ધૂળમાંથી એક ઊંચી ભૂમિકા પર દોરી જવા માગે છે. સત્ય ને સૌંદર્યભર્યાં ઉદાત્ત તત્ત્વની ઝાંખી માટે ધૂળ ખંખેરી સાબદા થવાનો તેમનો આદેશ છે. આપણને એ કદી આ માટીના ઝૂંપડામાં રમવાની અનુમતિ નહિ આપે. તેમનાં વસ્ત્રોમાં પ્રવાસીની કંથા છે અને હાથમાં દૃઢતાભર્યો દંડ છે. પ્રજાની સમોન્નતિ માટે તેમનો પ્રાણ આતુર છે. તેમણે પોતાના એક પત્રમાં આ મુદ્રાલેખ પણ ટાંક્યો છે કે 'બહાદુર પુત્રો, આગળ ધસો!'



પણ કવિવરને કશી ઉતાવળ નથી લાગતી. આ સામાન્ય જીવનની ધૂળમાં, આ કામિની ને કાંચનમાં પણ તેમને જીવન-દેવતાની આંખો હસતી દેખાય છે. કવીન્દ્રનું જીવનદર્શન જુદું જ છે. તે કહે છે: 'વૈરાગ્ય સાધને મુક્તિ આમાર નાય.' પાર્થિવ પ્રેમને એ આવકારે છે અને તેને જીવનના સ્વાભાવિક ક્રમ દ્વારા ઊર્ધ્વગામી બનાવે છે. કવિની આજ્ઞા માટીના ઝૂંપડાને ત્યાગી જ્યોતિમાર્ગે જવાની નથી. એ તો પરમ જ્યોતિને જ પોતાના ઝૂંપડાને બારણે વારંવાર આમંત્રે છે ને તેનું આસન આંગણામાં જ બિછાવે છે. સ્વામી પરમ ચેતનને ખોળે જઈ જગત ને જીવનના વહેવારને મૂલવે છે; કવિ જગતના વહેવારમાં, તેની રમણામાં, તેના સ્વીકારમાં ને સંવેદનમાં પેલા ચેતનની મુખછબિ નિહાળે છે. સ્વામી કદાચ સાધારણ જીવનનાં આંસુ-હાસ્યને અજ્ઞાનનું ફળ પણ સમજે; કવિને તેમાં વિશ્વ-ચૈતન્યની લીલા કળાય છે. બંધનમાં જ કવિનું મુક્તિપ્રભાત જાણે ખીલે છે. પણ અનેકના ખેલમાં એકને કદી ન વિસરવાની તેમની પ્રાર્થના છે. સ્વામીનો પહાડી રસ્તો તેજસ્વી ને કઠિન છે; કવિની નૌકા જ્યાં વહી રહી છે એ કિનારો સુંદર છે ને સાથે ધ્યાન રાખવા જેવો પણ છે.

સ્વામીની વિરક્તિ મહાજ્યોતિનું અજવાળું ઉતારવા માટે છે. એને માટે અથાગ શ્રમથી મથી, કિરણો વરસાવી અને છેવટ બંધન કાપી એ આપણી વચ્ચેથી વહેલાવહેલા ચાલ્યા જશે. કવિને આ ભૂમિનો પ્રેમ એમ સંકેલો કરવા દે તેમ નથી. તેમના જીવનના સકળ ક્ષેત્રે એક શાન્ત છંદ જાણે મધુરતા ભરતો વહી રહ્યો છે.

સ્વામીની વિરક્તિ આ ભૂમિને ફળદ્રુપ કરતા પર્જન્ય સમી છે,—ઊંચે આભેથી વરસતી; કવિની ભક્તિ જાણે હિમગિરિની અનંત પર્વતમાળ સમી છે,—ભૂમિના ગર્ભમાંથી ઉદ્ભવતી અસીમની શુભ શુચિ આરતી ઉતારતી.

મકરન્દ દવે

હિંદ ઇંગ્લંડના

હિંદનો પરિચય રૉથેન્સ્ટાઈનને કલા દ્વારા સહજ રીતે એક પ્રસંગથી થયો. એમના મિત્ર કલાકારો જાતજાતની કલાકૃતિઓના સંગ્રાહકો હતા. કોઈની પાસે ચીની કળાની તો કોઈ પાસે જાપાની કે ઇસ્લામી કારીગરીની ચીજો હશે. રૉથેન્સ્ટાઇને એક વાર ત્રણત્રણ શિલિંગે કેટલાંક હિંદી કલમનાં ચિત્રો ખરીદ્યાં ને તે પરથી તેમને હિંદી કલા પર બહુ પ્રેમ થયો. બીજા કલાકારોને એ કલા માટે કેમ કોઈ જાતની લાગણી નહોતી એનું એમને આશ્ચર્ય થયું. એ વેળા થોડુંથોડું તેમના જાણવામાં આવ્યું કે હૅવલ નામના ગૃહસ્થ એ કલાનું મહત્ત્વ ગાઈ રહ્યા છે. પણ ઇંગ્લંડમાં તો તેમને લેડી હૅરિંગહામ નામનાં સન્નારી જ એક એવાં મળ્યાં જે હિંદી કલા કે શિલ્પમાં સમજ પાડી શકે. અજંતાનાં ચિત્રોનાં તે અનન્ય પ્રેમી બન્યાં હતાં, અને લંડનના સાઉથ કેન્સિંગ્ટન મ્યૂઝિયમમાં મેજર જિલની કરેલી એ ચિત્રોની જે નકલો હતી તે બહુ પ્રમાણભૂત ન જણાયાથી તે અજંતાનાં ચિત્રોની નવી જ નકલો ઉતારવા માટે હિંદ જતાં હતાં. તેમના આ કાર્યમાં પૂર્વની કલાના પ્રેમી ને પરીક્ષક મિ. લૉરેન્સ બિન્યને ટેકો આપ્યો. એ માણસનું દિલ જોકે સાફ હતું, પણ ચીન ને જાપાનની કલાને મુકાબલે હિંદી કલાની તેને બહુ ગણતરી ન હતી.

હિંદી કળાના બીજા એક પુરસ્કર્તા ડૉ. આનંદ કુમારસ્વામી એ વેળા લંડનમાં હતા. જોકે એ વખતે તો તેમણે સિંહલ (લંકા)ની કળા ઉપર એક ગ્રંથ લખ્યો હતો અને હિંદી કળામાં રસ લેવાનું શરૂ જ કર્યું હતું. એમણે રૉથેન્સ્ટાઇનને કલકત્તામાં નવું પ્રસ્થાન પામેલી શ્રી અવનીન્દ્રનાથ ટાગોર તેમજ બીજા કલાકારોની શૈલીનાં ચિત્રો બતાવ્યાં, તે તેમને તેમજ બિન્યનને ગમ્યાં. રૉથેન્સ્ટાઈનને એ વખતે ઇન્ડો-પર્શિયન કહેવાતાં ચિત્રો તેમજ બીજાં લોકકળાનાં ચિત્રો વચ્ચેનો ફરક સમજાઈ ગયો હતો. કુમારસ્વામી રાજપુત અને મુઘલ કલાનો ઊંડો અભ્યાસ કરી તેનાં રહસ્ય ઉકેલી રહ્યા હતા. બાકી તો કલા-નિષ્ણાતો હજુ માત્ર હિંદી કારીગરીની જ પ્રશંસા કરતા હતા. થોડા સમય બાદ મિ. હૅવેલ ઇંગ્લંડ આવ્યા ને તેમની તથા કુમારસ્વામીની સાથે રૉથેન્સ્ટાઇન સર જ્યૉર્જ બર્ડવૂડનું હિંદી કલા પરનું ભાષણ સાંભળવા ગયા. વ્યાખ્યાતાએ હિંદની 'કારીગરી'ની

અભિજાત કલાચાર્ય સર વિલિયમ રોધેન્સ્ટાઇન

ભારોભાર સ્તુતિ કરી, પણ હિંદમાં ઉચ્ચતર ‘કલા’ હોવાનો ઈન્કાર કર્યો બુદ્ધની અપ્રતિમ પ્રતિમાઓને બ ફેલા પુડિંગ જેવી વર્ણવી! આ પ્રસંગે રૉધેન્સ્ટાઇનના મનમાં એવો તો ઉકળાટ ઉપજ્યો કે ત્યાં ને ત્યાં જ તેમણે પોતાના બંને મિત્રો આગળ હિંદની કલા-સંસ્કૃતિની સાચી પરખ કરી શકે એવું એક મંડળ ‘ઇન્ડિયા સોસાઍટી’ (હિંદ સભા) સ્થાપવાની વાત મૂકી. હૅવેલના મકાન પર સૌ મળ્યા અને ડૉ. તથા મિસિસ હૅરિંગહામ, ટૉમસ આર્નૉલ્ડ, પ્રો. લેથૅબી, રૉજર ફ્રાય, ડૉ. ટૉમસ, ટી. રૉલેસ્ટન તથા બીજા થોડાકનું એક નવું મંડળ બન્યું. મિસિસ હૅરિંગહામ, તેમનું અજંતાની નકલો ઉતારવાનું કામ બાકી હતું તે પૂરું કરવા હિંદ આવવા નીકળવાનાં હતાં એમણે રૉધેન્સ્ટાઈનને પોતાની સાથે આવવા આગ્રહ કર્યો. તેમણે તાજેતરમાં લીધેલા બનારસના કેટલાક ફોટોગ્રાફો જોએલા, અને તેની સુંદરતાએ તેમના મન પર ખૂબ અસર કરેલી, એટલે હૅરિંગહામનો પ્રસ્તાવ થતાં જ, હિંદનાં સુંદર દૃશ્યો ચીતરવાના લોભે તથા અજંતાના ચિત્રમંડપો જોવાના આકર્ષણે એ તૈયાર થઈ ગયા.

તેમના હિંદ જવાના ખબરથી ઇન્ડિયા ઑફિસમાં સર રિચમંડે તેમને બોલાવી હિંદ ન જવા સમજાવ્યા, કારણકે તેમને ભીતિ હતી કે હિંદ પ્રત્યેની રૉધેન્સ્ટાઇનની લાગણીથી ગોખલે અને તિલકના રાષ્ટ્રવાદી અનુયાયીઓનું ચડી વાગશે. અંતે, તે અમલદારોના સંપર્કમાં રહેવાનું વચન આપે એ શરતે દરેક પ્રાંતના ગવર્નરો ઉપર તેમને ભલામણપત્રો લખી આપ્યા. ટૉમસ આર્નૉલ્ડ પણ તે વખતે ઇન્ડિયા ઑફિસમાં જ હતા. તેમણે તેથી જુદી જ સલાહ આપી અને બીજી અમલદારી ભલામણો લખી આપી. પી. ઍન્ડ ઓ.ની સ્ટીમરમાં તે મુંબઇને કિનારે ઊતર્યા તે પછીનું તેમનું કથન વાંચીએ:

‘ઊતરતાં જ ચમકતી માનવમેદનીમાં કર્નલ ફ્રાયરે અમને સત્કાર્યા. તેમની જોડે પાઘડીવાળા બે હિંદીઓ (નોકરો) હતા, જેમની કિંમત મારે હવે જાણવાની હતી. તાજમહાલ હૉટેલમાં મારા રશિયન મિત્ર મિ. લોબ્યુ, તેમના મંત્રી મિ. મુલર અને નોકરોનું ટોળું મળ્યાં. પાશ્ચર ઈન્સ્ટીટ્યૂટ તરફથી તેમને પ્લેગ, ટાઇફૉઈડ, કૉલેરા અને દરેક જાતના સર્પદંશથી બચવાના ઉપચારો અને સાધનો આપવામાં આવ્યાં હતાં. મારી પાસે એવું કંઇ જ ન હતું તે બ બત એ ભલો માણસ મારી દયા ખાતો હતો. તે એલિફન્ટા (ધારાપુરી)ની ગુફાઓ જોવા જવા આતુર હતો, એટલે હું તેની સાથે કૂકની ઑફિસ પર લૉંચ બોટની વ્યવસ્થા કરવા ગયો. કૂકનો આદમી મને સમજાવવા લાગ્યો કે, ત્યાં કશું યે જોવા જેવું નથી! પણ જ્યારે હું એલિફન્ટાના બેટ પર ઊતર્યો અને ત્યાંનાં શિલ્પ જોયાં ત્યારે મારા જીવનમાં જોએલું એ એક અપૂર્વ ને ચમત્કારિક દૃશ્ય લાગ્યું. તેનું પ્રવેશદ્વાર સાદું પણ ચોટદાર હતું. પછી અંદર ઊંડા અંધકારમાં અમે ત્રિમૂર્તિ પાસે આવ્યા. આવડા વિશાળ ફલકવિસ્તાર પર કંડારેલી મૂર્તિ મેં કદિ જોઈ ન હતી. અને પછી ધીમે ધીમે અંધકારમાંથી શિવ-પાર્વતી, નટરાજ આદિની મૂર્તિઓ દેખાતી ગઈ. નટરાજ વિષે તો હું જાણતો હતો કે વિશ્વચેતના વિષેની માનવીની સંવેદના એ એક જ આકૃતિના નૃત્યમાં કોઇપણ ફિલ્સૂફી કરતાં સાદામાં સાદી અને સંપૂર્ણમાં સંપૂર્ણરીતે હિંદ કેન્દ્રીભૂત કરી શક્યું છે. કોઈ બે ગતિઓની વચ્ચે સ્થૈર્ય પામેલી એ મૂર્તિ, જાણે બ્રહ્માંડમાં ગુરુત્વાકર્ષણ અને વેગનાં સામસામાં પરિબળો વચ્ચે ઘૂમતા ગ્રહમંડળની વિશ્વનિયમાધીન ગતિને પ્રતીક રૂપે ઉતારી લીધી ન હોય એવી છે! માનવને ડારતી, ધ્યાનમગ્ન, કુદરતની સત્તા ને શાન્તિ તથા સંહાર ને સર્જનની શક્તિઓ ધારણ કરી રહેલી, જન્મની યાતના, નિદ્રાની શાન્તિ ને મૃત્યુના આરામ દાખવની એ મૂર્તિઓને જોઈને એ પ્રચંડ શિલ્પ ને સ્પર્શ્યે કલાના અભિનવ સ્વરૂપની તાકાદનો મેં અનુભવ કર્યો.



રૉધેન્સ્ટાઇને પોતે પોતાની કરેલી તસ્વીર

અજંતા જોતાં લાગ્યું કે લેડી હૅરિંગહામની પ્રશંસામાં જરા યે અત્યુક્તિ નહોતી, અને આ ચિત્રો માટે તે બીજી વાર ઇંગ્લંડથી શા માટે આવ્યાં તેનું કારણ હું સમજી શક્યો ચન્દ્રકારે ગોઠવાએલી આ ટેકરીઓમાં કોરેલાં ચૈત્યો ને દ્વારદેશો, થાંભલાઓ, છતો, ગૉખો—એકેએક સ્થળ આટલાં શિલ્પ અને આટલાં આલેખનોથી ભરચક હશે એનો મને ખ્યાલ પણ ન હતો. અદ્‌ભુત કૃતિઓના એ મહાવનમાંથી કઈ વસ્તુ પર વધુ ધ્યાન આપવું એ જ કહેવું કઠણ છે. એના વિશાળ ચિત્રવિસ્તારોમાં સમગ્ર હિંદનું ધબકતું જીવન, લાક્ષણિક આકારો પાત્રો અને ગતિનાં સંપૂર્ણ અવલોકન અને સમજપૂર્વક, ચોકસાઈભરી વેગીલી ને બલવાન રેખાઓમાં ઉતાર્યું છે હું ત્યાં ઘણા દિવસ રહી તેનો અભ્યાસ કરવા ઇચ્છતો હતો, પણ આખરે, કંઇ કામ કર્યા વિના માત્ર જોયા જ કરવાથી એક પ્રકારનો મનોનિવદ ઉપજ્યો ને સામાન બાંધી પ્રવાસ આગળ ઉપાડ્યો. ચિત્તોડ જોયું, ઉદયપુર જોયું, અને એકએકથી ચડિયાતાં જીવનદૃશ્યો જોયાં. મેં રાજપુત ચિત્રો જોયાં હતાં, પણ અહીં તો આવાં સુંદર ચિત્રો ખરેખર જીવંત છે એ વાત મને કોઇએ કરી ન હતી. અંગ્રેજ ચિતારાઓ માત્ર રાજામહારાજાઓની જ છબિઓ કરવાને અહીં આવતા હતા.’

જયપુર, અલવર, અજમેર જોયાં અને છત્રપુરના મહારાજાના એ મહેમાન થયા. ત્યાં ખાખીબાવાઓની એક જમાત આવી ત્યાં

તેમણે પહેલી વાર સાધુઓનાં ચિત્રો કર્યાં. એ વખતે મોટરકાર નવાઈની વસ્તુ ગણાતી, અને મહારાજાએ તેમને પોતાની મોટરમાં પ્રાચીન સ્થાપત્યધામ ખજૂરાહો વગેરે સ્થળે ફેરવ્યા.

બનારસે તો તેમને મુગ્ધ કરી નાખ્યા એને વિષે લખે છે: 'હિંદનું દરેક સ્થળ મને આગલા સ્થાન કરતાં વધુ ને વધુ અજાયબ લાગ્યા કરેલું. પણ બનારસ તો અદ્‌ભુત નીકળ્યું. હૅવેલે મને કહ્યું હતું કે ત્યાંનું સ્થાપત્ય બહુ જોવા જેવું નથી. પણ ગંગાની વચ્ચે હોડીમાં ફરતાં જે દૃશ્ય જોયું એથી વધુ હૃદયંગમ કે વધુ ચમકભર્યું દૃશ્ય હું કલ્પી શકતો નથી. નદીના પ્રવાહથી શરૂ થતાં પગથિયાંની ટોચે સોહી રહેલાં કિનારા પરનાં ઉન્નત મકાનો, ઘાટનાં પગથિયાં પર કોમળ પાનીઓવાળા ખુલ્લા પગે રૂપેરી નૂપુર રણકાવતી ચડતી ઊતરતી રંગબેરંગી વસ્ત્રોવાળી સ્ત્રીઓ, અનેક મનુષ્યો, ખુલ્લાં છત્રો નીચે આસન જમાવી બેઠેલા સાધુઓ, નદીમાં સ્નાન કરતાં તામ્રવર્ણાં શરીરનાં મનુષ્યો અને ભીનાં વસ્ત્રે નદીમાં ઊભા રહી હાથ જોડી નમસ્કાર કરતી સ્ત્રીઓ—આ બધું જોઈને મને કૉરિન્થ ને કાર્થેજની પ્રાચીન નગરીઓનો ખ્યાલ આવ્યો. હોડીના એક જ પ્રવાસમાં સહસ્રો દૃશ્ય જોયાં. કયું ચીતરવું ?...... આખરે દશાશ્વમેધ ઘાટ ઉપર એક છત્તર નીચે ફલક જમાવ્યું. લોકોને દૂર રાખવાની નોકરને મહેનત પડતી. પણ છેવટે રોજ આવનારા ટેવાઈ ગયા......

જે વસ્તુ માટે હું બનારસ ગયો હતો તે તો મળી, પણ રોજ રાત્રે હૉટેલ પર પાછા જતાં ત્યાં અલ્પસંતોષી પ્રવાસીઓનો સહવાસ આકરો બનવા લાગ્યો. હું તો સાધુઓના મઠોમાં જતો ને ત્યાં ચીતરતો. મારા બંગાળી મિત્ર નૃસિંહ શર્માએ મને વિજયનગરના મહારાજાના મકાનમાં ગોઠવણ કરી આપવા કહ્યું ત્યારે કમિશ્નર અને કલેક્ટરે વાંધો લીધો અને જણાવ્યું કે પ્લેગ, ટાઇફૉઈડ અને કૉલેરાનું ત્યાં જોખમ છે. પણ હું કોઈ અંગ્રેજ છાવણીમાં પુરાઇ રહેવા આવ્યો ન હતો. જેમનાં ચિત્રો મારે લેવાં હતાં તે દૃશ્યો ને લોકોનો સંપર્ક માગવા હું તો ગયો જ. અને હિંદની અદ્‌ભુત આધ્યાત્મિક એકતાનતામાં રાચતા અનેક નરનારીઓના સમાગમ ને શાન્તિનો અનુભવ કર્યો.. તે સાથે પોતાના પંજામાં આવેલા યાત્રીઓને રંજાડતા પંડાઓ અને ટાંગાવાળાઓનો પણ અનુભવ કર્યો.




કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનો રૉથેનસ્ટાઇને કરેલો પેન્સિલ-સ્કેચ. એમણે કદાચ સૌથી વધુમાં વધુ આલેખનો રવીન્દ્રનાથનાં કર્યાં છે. જેમાંનાં છ આલેખનોનો મોટો કદનો સંગ્રહ એમણે છપાવીને પ્રકટ પણ કર્યો છે.

બનારસનું જીવન એક સ્વપ્ન બની ગયું. એ અપૂર્વ સૌન્દર્ય ફરી નહિ મળે. પણ હું જે જોઈ રહ્યો હતો તેની સાથે જ ગરીબી, રોગ, વહેમ, અન્યાય, પાખંડ શું અનિવાર્ય જ હશે ? એક દિવસે બનારસની ગલીઓમાંથી અંધકાર જતો રહેશે; નવી સફાઈ અને નવી રચના આવશે. રંગબેરંગી સાડીઓ, મંદિરોનાં ફૂલો, પિછોડીઓ, ચદરો ને ધોતિયાંની ફડકો, એ બધું અદૃશ્ય થશે. સંન્યાસીઓ પરદેશી કટના પોશાકો પહેરતા થઈ જશે અને સ્ત્રીસમૂહ જગતની બીજી સ્ત્રીઓની જેમ મોકળી વિહરશે. તે વખતે, યુરોપમાંથી સૌન્દર્ય ગયું તેમ હિંદમાંથી પણ જશે......હિંદી, ચીની, તિબેટન કે જાવાની શિલ્પકારોની કૃતિઓમાં જે માર્દવ છે એ તેમની એક અનોખી લલિત શૈલી જ છે એમ હું માનતો, પણ અહીં આવીને જોઉં છું તો તેઓએ ખુદ જીવનમાંથી જ કરેલાં અમુક નિરીક્ષણોનું એ પરિણામ લાગે છે.'

કેવળ સાધુ-બાવાઓનાં જ તેમણે દોઢસો જેટલાં ચિત્રો કર્યાં. જોકે દરેકમાં તેમને સમયની તાણ જણાતી. પણ અંતે દશાશ્વમેધ ઘાટ પર આવનારાં મુરદાંની સંખ્યા વધી પડી એટલે બનારસ છોડ્યું. બનારસમાં જો વધુ રોકાયા હોત તો કલકત્તા જવાનો સમય તેમને ન રહેત અને ટાગોર કલાકારો જોડે કદિ જ મેળાપ ન થાત.

કલકત્તામાં તેઓ સર હૅરી અને લેડી સ્ટિફનનાં મહેમાન થયાં. ત્યાં શ્રી અવનીન્દ્રનાથ ટાગોર અને તેમના ભાઇ ગગનેન્દ્રનાથ તેમને મળવા આવ્યા ને જોરાસાંકોના પોતાના નિવાસે તેડી ગયા. ત્યાંનો સંગ્રહ ને કલામય ગૃહ જોઇને તે ખૂબ પ્રસન્ન થયા અને ગગનબાબુના વિશાળ વાચન તથા પ્રતિભાની તેમના પર ખૂબ છાપ પડી. જોરાસાંકો તે હવે વારંવાર જતા. એ વખતે અદ્‌ભુત સુંદર વદનવાળા એ ટાગોરભાઇઓના એક કાકા બાજુ પર મૂગા બેસી રહી એમની વાતો સાંભળતા. એમની આંતરિક શાન્તિ તથા ઉત્કૃષ્ટ શરીરશોભાથી રૉથેન્સ્ટાઈન આકર્ષાયા અને તેમનું રેખાંકન ઉતારી લેવાની રજા માગી. એ લખે છે: 'તેમના આ કાકા આ યુગના એક અપૂર્વ પુરુષ છે એવી તો મને કોઇએ વાતે ય ન કરી.' સર જૉન વૂડરોફ એમને સર



કવિવર રવીન્દ્રનાથના હસ્તાક્ષરમાં 'ગીતાંજલિ'ની પહેલી હાથપ્રતનું એક પાનું ઇંગ્લંડ જતાં રસ્તામાં એમણે રૉથેન્સ્ટાઈન માટે મૂળ બંગાળીની સામે અંગ્રેજી અનુવાદ ઉતારીને આ પ્રત ખાસ તૈયાર કરી એમને આપી હતી. કવિ યીટ્સે તેમાં અહીંતહીં જરાતરા સુધારા કરેલા તે ઉપરના પાનામાં જણાય છે. રવીન્દ્રનાથને 'ગીતાંજલિ' માટે નોબેલ પ્રાઈઝ મળ્યા પછી હિંદમાં ગપ ચાલેલી કે 'ગીતાંજલિ'નો એ વિજય તો યીટ્સે તેને અંગ્રેજીમાં ફરીવાર સુધારીને લખી આપી તેને લીધે છે! રૉથેન્સ્ટાઈન લખે છે કે: 'આ વાત જૂઠી છે. મૂળ બંગાળી ને અંગ્રેજીવાળી હાથપ્રત મારા કબજામાં છે યીટ્સે અહીંતહીં નહિવત્ ફેરફારો સૂચવેલા ખરા, પણ છપાએલું તો ટાગોરની હાથપ્રત મુજબ'

હૅવેલની સાથે બનારસમાં મળ્યા ત્યારે ટાગોર કુટુંબને બરોબર પિછાનતા હતા. છતાં અવનીબાબુ અને ગગનબાબુની વાતો તેમણે કરી, પણ તેમના કાકા રવીન્દ્રનાથના નામનો ઉચ્ચાર સરખો યે તેમાં ન હતો.

અલ્લાહાબાદથી કુમારસ્વામી એમને કલકત્તે આવી મળ્યા અને તેમની સાથે તેઓ ભુવનેશ્વર અને પુરી (જગન્નાથ) જોવા ગયા. ત્યાં પણ ટાગોરનું ઘર હતું, ત્યાં ઉતારો રાખ્યો. અહીં જે જોયું તેનું વર્ણન કરતાં તેમની ભાષા ઉછાળા મારે છે: 'અરે, મને કોઇએ આવાં સુંદર દૃશ્યોની વાત સરખી યે નહોતી કરી. આ દૃશ્યોથી જ હિંદ એક ખરેખરી પ્રાચીન સંસ્કૃતિની ભૂમિ લાગે છે. મધ્ય યુગમાં યૂરોપ પણ આવું જ હશે.' હિંદ છોડતાં પહેલાં શ્રી ગોખલે તેમને મળવા ગએલા અને બહુ સરળ રીતે ચર્ચાઓ કરેલી તેનો તેઓ ઉલ્લેખ કરે છે. તેઓ ગયા ત્યારે પોતાની સાથે ત્રણ મોટાં ચિત્રો ને દોઢસો જેટલા આલેખ્યો (સ્કેચ) લઈ ગયા. તે મોટે ભાગે સાધુ-સંન્યાસીઓનાં જ હતાં. ઇંગ્લંડ જઇને તેનું તેમણે પ્રદર્શન પણ કરેલું. સંખ્યાદૃષ્ટિએ એ કૃતિઓ થોડી હતી, પણ કોઈ કલાકાર હિંદ આવે તો શું શું કરી શકાય તેના દૃષ્ટાંત રૂપ તે હતી. હિંદ સાથે ગાઢો સંબંધ હોવા છતાં ઇંગ્લંડના કોઈ કલાકારે હિંદનું સ્વરૂપ કલામાં ઉતારવાનો ભગીરથ પ્રયત્ન કર્યો નથી એ માત્ર આશ્ચર્ય છે.

હિંદથી પાછા ફરી તેમણે અમેરિકાનો પ્રવાસ કર્યો. ત્યાં ન્યૂ યૉર્ક, શિકાગો, બૉસ્ટન આદિ શહેરોમાં એમનાં ચિત્રો પ્રદર્શિત થયાં. પણ વધુ સમય તો એમણે કલાકાર મિત્રોના સમાગમમાં જ ગાળ્યો. એ વેળા અમેરિકન કલાકારોએ ફરિયાદ કરી કે અમેરિકન સંગ્રાહકો સ્વદેશી કલાકારો તરફ બેપરવા રહેતા હતા અને પરદેશી કલાકારો માટે સોનાની ખાણ બની બેઠા હતા. એ સાંભળી તેમને પણ દુઃખ થયું ને પોતે પણ એવી સ્થિતિનો લાભ ઉઠાવનારાઓમાંના એક હતા તેની શરમ અનુભવી. અમેરિકાથી આવ્યા બાદ આયર્લંડમાં ડબ્લિનની ક્વીન્સ કૉલેજમાં તેમને 'હર્મિયન વ્યાખ્યાનો' આપવાનું આમંત્રણ મળ્યું અને ત્યાંના અગ્રણી પુરુષોનો પરિચય થયો.

એ અરસામાં તેમણે 'મૉડર્ન રિવ્યૂ'માં રવીન્દ્રનાથની એક વાર્તાનો અંગ્રેજી અનુવાદ વાંચ્યો, અને તે એટલી બધી ગમી કે એવી બીજી વાર્તાઓ હોય તો મોકલવાને જોરાસાંકો ટાગોર ભવન ઉપર પત્ર લખી નાખ્યો. તેના જવાબમાં બોલપુરથી, અજીત ચક્રવર્તી નામના એક શિક્ષકે રવીન્દ્રનાથનાં કેટલાંક કાવ્યોના અનુવાદ કરી મોકલ્યા. એ જ અરસામાં કુચબિહારના રાજકુટુંબ જોડે ઇંગ્લંડ આવેલા પ્રમથલાલ સેન સાથે એમને પરિચય થયો અને તેમની મારફત પ્રતિભાવાન હિંદી ડૉ. વ્રજેન્દ્રનાથ સીલની મુલાકાત થઇ. એ બંનેએ મળી રવીન્દ્રનાથને ઇંગ્લંડ બોલાવવાનું ઠરાવ્યું અને રૉથેન્સ્ટાઇનને ઘેર ઇંગ્લંડના વિદ્વાનોને તેમનો પરિચય કરાવવનું નક્કી કર્યું. એ પછી તો ખબર આવ્યા કે રવીન્દ્રનાથ જ યુરોપ આવવા નીકળ્યા છે, એટલે સૌ તેમની રાહ જોવા લાગ્યા.

તે આવ્યા ત્યારે સાથે તેમનો પુત્ર તથા પેલા બંને મિત્રો હતા. આવતાંવેંત તેમણે રૉથેન્સ્ટાઇનના હાથમાં એક નોટબુક મૂકી દીધી. હિંદથી આવતાં રસ્તામાં જ તેમણે જાતે રૉથેન્સ્ટાઈન માટે કેટલાંક કાવ્યો અંગ્રેજીમાં ઉતાર્યાં હતાં.

તે ને તે દિવસે તેમણે કાવ્યો વાંચી નાખ્યાં. કોઇ નવી જ ભાવનાઓભરી એ કવિતાઓ હતી અને ઊંચામાં ઊંચા રહસ્યવાદીની કક્ષા પર જતી હતી. ઍન્ડ્રૂ બ્રૅડલીને તેમણે એ બતાવી, અને તેનો પણ એ જ મત થયો. એણે લખ્યું 'આપણી વચ્ચે ફરી એક મહાન કવિ આવ્યો લાગે છે.' યીટ્સને પણ રૉથેન્સ્ટાઇને લખ્યું, પણ તેનો જવાબ ન આવ્યો, એટલે ફરી લખ્યું. એણે કવિતાઓ મંગાવી અને

વાંચી ગયા પછી તેનો ભાવ પણ એટલો જ વધી ગયો. તે ખુદ લંડન આવ્યા અને કવિતાઓ ફરી વાંચી અહીંતહીં જરા સુધારા કર્યાં; પણ અસલમાં જરા યે ફેરફાર કર્યો નહિ.

ટાગોરના ભવ્ય દેખાવ, સુમધુર વ્યક્તિત્વ, સહજ વિનય અને શીતલ બુદ્ધિપ્રભાથી, જે કોઈ તેમને મળતું તેના પર સચોટ છાપ પડતી. એક પછી એક વિદ્વાનોનો તેમને પરિચય થતો ગયો: વેલ્સ, ગાલ્સવર્ધી, બ્રાડલે, મેઝફીલ્ડ, હૅમન્ડ, અર્નેસ્ટ રહાઈઝ, ફૉક્સ સ્ટ્રૅંગવે સ્ટ્રજ મૂર, રૉબર્ટ બ્રિજિઝ વગેરે; અને ટાગોર પણ આ નવા મિત્રોનાં વિશાળ દૃષ્ટિબિંદુઓ તથા વિચારની ચોટ જોઇ મુગ્ધ થયા.

એક હિંદીજનનો આવો ઉલટભર્યો આદરસત્કાર થએલો જોઈ પ્રો. રૉધેન્સ્ટાઇન બહુ પ્રસન્ન થયા. ઉનાળામાં તેમણે ગ્લૉસ્ટર શાયર-માં પોતાને ત્યાં ટાગોરને બોલાવી લીધા અને કવિએ એ ઘરમાં ભરાઇને નાટકો અને કાવ્યોના અનુવાદો લખી નાખ્યા. ફૉક્સ સ્ટ્રૅંગવે ટાગોરને ઑક્સફર્ડ કે કૅમ્બ્રિજની માનાર્હ પદવી આપવા ધારતા હતા; પરંતુ લૉર્ડ કર્ઝનને એ બાબત પૂછતાં તેણે કહ્યું કે ટાગોરને ટક્કર મારે એવા કઈક નામાંકિત હિંદમાં પડ્યા છે. પણ તેણે કોઇનાં નામ દીધાં નહિ, અને જેણે અંગ્રેજી સાહિત્યમાં બહુ પ્રભાવશાળી ફાળો આપ્યો હતો એવા એક પરદેશીની કદર (નોબેલ પ્રાઇઝ વડે) કરવાનો યશ બીજા દેશને મળ્યો તેથી પ્રો રૉથેન્સ્ટાઇનને બહુ શોક થયો.

તેમણે ઇન્ડિયા સોસાએટી આગળ દરખાસ્ત મૂકી કે સભાના સભ્યો માટે ટાગોરનાં કાવ્યોની એક સુંદર પ્રત બહાર પાડવી, અને કમિટીએ તે મંજૂર કરી. યીટ્સે ઉલટથી તેની પ્રસ્તાવના લખવાનું માથે લીધું અને જાણે પોતાની જ કૃતિઓ છપાતી હોય એવી ચીવટ-થી તેના પ્રકાશન ઉપર ધ્યાન આપ્યું. 'ગીતાંજલિ'ના શીર્ષકથી એ પ્રસિદ્ધ થઇ અને ટાઈમ્સ લિટરરી સપ્લિમેન્ટ જેવા પીઢ અને માન્ય પત્રમાં તેનું બહુ સુંદર અવલોકન આવ્યું. એ વખતે ટાગોર અમેરિકા હતા. ત્યાંથી તેમણે પ્રો. રૉથેન્સ્ટાઇનને લખ્યું:

'મારા હૃદયના રંગમંચનાં દ્વાર બંધ કરવાની ઉમરે હું પહોંચી ગયો હતો અને નવા પ્રેક્ષકો માટે જગ્યા કરવાનું હવે શકય ન હતું. પણ અશકય શકય બન્યું છે. તમારી મૈત્રીએ મારા જીવનને વિસ્તૃત કરી દીધું છે. આ નવીન સત્યનું મૂલ્ય હું અનુભવું છું, કેમકે અજાણ્યા ને અણધાર્યાં સંજોગોમાં મને તે પ્રાપ્ત થયું છે. પરભોમમાં પ્રવાસ કરતાંકરતાં જીવનનો આ સુખદ અનુભવ, જે દેખાવનો કે ક્ષણજીવી નથી, તેનાથી હું ભાવ ને આભારમાં મસ્ત બની ગયો છું. અદૃશ્ય દૈવી શક્તિની એ ભેટ છે, ને હું તેની યોગ્ય કદર કરી શકું એમ ચાહું છું.'

'ગીતાંજલિ'ની બહુ જ થોડી પ્રતો છપાવી હતી, એટલે તેમણે જ જ્યૉર્જ મૅકમિલનને તેની તથા બીજાં પ્રકાશનોની પ્રજાપ્રાપ્ય આવૃત્તિઓ બહાર પાડવા લખ્યું. ઘણી હા-ના કર્યા બાદ તેણે તે છાપી. તેનાથી તેને અને ટાગોરને ઉભયને સારી પ્રાપ્તિ થઇ.

એ વખતે નવી દિલ્હીનાં બાંધકામોની ચર્ચા ચાલતી હતી. હર્બર્ટ બેકર અને એડવિન લટયન્સ તેના નિર્માતાઓ હતા. 'ઈન્ડિયા સોસાએટી'ને લાગ્યું કે તેમાં પોતે હાથ નાખવો. ત્યાંનું બાંધકામ હિંદી ઢબનું થવું જોઇએ કે યુરોપી ઢબનું એનો વિવાદ હતો. 'ઇન્ડિયા સોસાએટી'ના મંત્રી રૉલેસ્ટનની સાથે રહી પ્રો. રૉથેન્સ્ટાઇને 'ટાઈમ્સ' માં એક પ્રકટ પત્ર કર્યો. અને તેમાં જણ વ્યું કે, અંગ્રેજોને રહેવાનાં નિવાસગૃહો શુદ્ધ યુરોપિયન ઘાટનાં થાય, પણ રાજામહારાજાઓએ તો હિંદી પ્રતિભાનું જ સન્માન કરવું જોઇએ. લટયન્સ કે બેકરને હિંદી કળાની કાંઇ જ પડી નહોતી. તેઓ બહુબહુ તો મુઘલ સમયનું બાંધ-કામ જોઈ શકયા હતા ભુવનેશ્વર અને ખજુરાહોનાં પ્રચંડ સૌન્દર્યો તરફ તેમણે નજરે નાખી ન હતી.

૧૯૧૩માં 'ગીતાંજલિ' માટે ટાગોરને નોબેલ પ્રાઇઝ મળ્યું અને કવિએ શાન્તિનિકેતનથી ૧૮મી નવેમ્બરે (૧૯૧૩) રૉથેન્સ્ટાઇનને પત્ર લખ્યો.: 'આ મહાન કીર્તિપ્રસંગના ખબર મળતાં જ પ્રેમ અને આભારથી મારૂં હૃદય તમારી તરફ ઝૂકે છે. આ સમાચારથી મારા સર્વ મિત્રોમાં તમારા જેટલો આનંદ કોઇનો નહિ હોય. જેઓ આપણાં પ્રિયજન છે તેમના હૃદયમાં હર્ષ થાય એ જ કીર્તિનો કિરીટ છે. પણ તે સાથે મારી સ્થિતિ ઘણી કફોડી બની છે. આ બનાવથી જાહેર જનતામાં જે વંટોળ ચડયો છે તે ભયંકર છે. કોઈ કૂતરાની પૂંછડી સાથે પતરાનો ડબો બાંધી દ્યો, એટલે તે જ્યાં દોડે ત્યાં અવાજ થાય અને લોકોનાં ટોળાં પાછળ પડે. હમણાં તો મારા પર કાગળો ને તારોનો ધોધ પડી રહ્યાં છે. જેમની મારી પ્રતિ જરા યે લાગણી ન હતી—અરે મારી કવિતાની લીટી સરખી યે વાંચી ન હતી તેઓ સૌથી મોટા હર્ષનાદ ગજવી રહ્યા છે. હું ખરેખર પરેશાન બની ગયો છું. આ બધા પ્રચંડ મિથ્યાડંબરો મને અકારા લાગે છે. આ લોકો મને માન આપતા નથી, મળેલી કીર્તિને સત્કારે છે.'

ટાગોરે હિંમતપૂર્વક પોતાના સત્કાર–સમારંભમાં આ બધી વાતોની ઝાટકણી કાઢી હતી. પણ હવે તે જગપ્રસિદ્ધ તો થઈ જ ગયા.

૧૯૧૪માં યુરોપનું પહેલું મહાયુદ્ધ શરૂ થયું. તેઓ એક બેલ્જિ-યન સૈનિક સાથે યુદ્ધની ઝાંખી કરવા બેલ્જિયન મોરચે ગયા અને જર્મન કતારથી ચારેક માઇલ દૂર પડાવ હતો ત્યાં રહી આસપાસ-નાં કેટલાંક ચિત્રો કર્યાં. ત્યાંથી ઈંગ્લંડ આવી તેમણે સરકારને સૂચના કરી કે કલાકારોને ફ્રાન્સની યુદ્ધમર્યાદામાં જવા દેવા જોઇએ. લૉર્ડ નૉર્થક્લિફે પાછળથી તેમને ટેકો આપ્યો, અને એ હીલચાલને પરિ-ણામે મૂરહેડ બોન નામનો કલાકાર લેફ્ટેનન્ટ થઇને પહેલો ફ્રાન્સ ગયો. પછી વિલિયમ ઑર્પેન મેજર થઇને ગયો, અને ધીમેધીમે તેમની કલમનાં યુદ્ધભૂમિનાં ચિત્રો ઈંગ્લંડમાં દેખાવા લાગ્યાં. આ કલાકારોને યુદ્ધમોરચે મોકલવાના પ્રસ્તાવમાં તેમનો હાથ હતો. અંતે ૧૯૧૭માં તેમને ઑફિશિયલ આર્ટિસ્ટ તરીકે જવાનો મોકો મળ્યો અને ત્યાં અનેક કસોટીઓ વચ્ચે તેમણે 'વૉર રેકર્ડ'નાં ચિત્રો કર્યાં. ૧૯૧૭નો શિયાળો એવો તો કડક હતો કે પીછી પાણીમાં બોળી કાગળ પર લાવે ત્યાં ઠરીને જામ થઈ જતી!

લડાઇના મેદાન પર તેઓ એક જોધપુરી ટુકડીના પરિચયમાં આવ્યા અને બહુ ઉમંગથી જોધપુરીઓનાં ચિત્રો કર્યાં. તેઓ સતત ઉદ્યમી રહેતા, અને એ દિવસોમાં જીવનની ભારે કિંમત સમજી તેની પળેપળ દેશ માટે ઉપયોગી નીવડાવવા મથતા. વરસાદ કે તોફાન હોય ને બહાર ન નીકળાય ત્યારે તેમનો જીવ બહુ બળતો. 'કલા-કારે પોતાની જાત માત્ર કામમાં જ ખપાવી દેવી એ જ તેની સાચી નીતિ છે' એ તેમનું સૂત્ર હતું.

૧૯૧૭માં હર્બર્ટ ફિશર શેફિલ્ડ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર થયા, તેમના આમંત્રણથી એમણે ત્યાં જે છ વ્યાખ્યાનો આપ્યાં તે પરથી એ વિદ્યાપીઠમાં 'સિવિક આર્ટ' (નાગરિક કલા)નું ખાસ આસન નિર્માયું અને તેઓ તેના પ્રથમ પ્રોફેસર બન્યા. ૧૯૨૦માં ફિશર ઇંગ્લંડના કેળવણીપ્રધાન બન્યા કે તરત તેમણે પ્રો. રૉથેન્સ્ટા-ઈનને સરકારના મુખ્ય કલાકેન્દ્ર 'રૉયલ કૉલેજ ઑવ આર્ટ્સ'નું સંચાલન કરવાનું કહ્યું અને પાંચ વર્ષ માટે તેમની નિમણૂક મંજૂર કરી; પણ પ્રોફેસર ત્રણ જ વર્ષ માટે કબૂલ થયા. આ નિમણૂકથી બહુ જાતના વિરોધો ઊઠયા હતા. કોઇ કહે, અગાઉના વહીવટી અનુ-ભવ વગરના માણસને લાવ્યા; કોઇ કહે ત્યાં તો શિલ્પનો જ જ્ઞાતા જોઇએ. આમાં કલાશિક્ષકોની બળતરા બહુ હતી; પણ વિદ્યાર્થીઓને તો લાભ જ થયો.

(ચાલુ) **રવિશંકર મ. રાવળ**

વિભૂતિભૂષણ બંદ્યોપાધ્યાયની
મૂળ બંગાળી વાર્તા
ઉપરથી

મંગળમામાનું મકાન

ચણાવાની સાથોસાથ જ ચૂરા થતી જતી આશાઓ અને એની સામે ઝઝૂમી રહેલી અભિજાત શ્રદ્ધાની એક વાર્તા

એ ગામડા ગામની નિશાળ હતી. અવારનવાર એની તપાસ માટે મારે ત્યાં જવું પડતું. ગામમાં ઊતરવા-રહેવાનું બીજું કોઈ ઠેકાણું ન હતું. એટલે હેડમાસ્તર અવિનાશબાબુને ત્યાં જ ધામો નાખવો પડતો અને મને એમને ત્યાં ગમતું પણ ખરું. એ લગભગ બેંતાલીસેક વર્ષના, એકવડા બાંધાના, દુબળાપાતળા ચહેરાવાળા ખૂબ ભાવુક માણસ હતા. ધાંધાટ કે પંચાત એમને ગમતાં નહિ, આડંબર કે બનાવટ એમને આવડતી નહિ, અને એથી જ જીવનપથની મુશ્કેલીઓને ધક્કો મારી એ આગળ નહોતા વધી શક્યા. દેવળહાટીની નાની નિશાળના મુખ્ય શિક્ષક તરીકે જીવનનાં પંદર વર્ષ એમણે વીતાવી દીધાં હતાં અને બીજાં પણ પંદર વર્ષ એ ત્યાં જ વીતાવી દેશે એવો સંભવ સોળ આના નહિ પણ ચાલીસ આના હતો.

કારતકની આખરી હેમંત-સંધ્યા હતી. વર્ગમાંથી બે ખુરશી લાવી અમે બહારના વરંડામાં બેઠા બેઠા નવા બનાવો અને જૂનાં સંભારણાંઓ વિષે વાતો કરતા હતા. સામે નાનું એવું મેદાન હતું. એક બાજુ આમલીનું એક મોટું ઝાડ હતું, અને બીજી બાજુ એક નાનું-સરખું અવાવરૂ તળાવ હતું. સામેનો કાચો રસ્તો મેદાનમાં થઈને ગામમાં બજાર તરફ જતો હતો. ચારે બાજુ નિર્જનતા હતી.

ચાની કોઈ પ્રકારની સગવડ ત્યાં શક્ય નહોતી. એક ગરીબ વિદ્યાર્થી હેડમાસ્તરને ત્યાં જ રહીને ભણતો ને એમનું હટાણું વગેરે પણ કરતો. એ આવીને એક રકાબીમાં ઘી ચોપડેલા ખાખરા, બટાટાની કાતરી ને ગોળ મૂકી ગયો. મેં કહ્યું, 'અવિનાશબાબુ, ટાઢ મજાની છે. ગરમાગરમ મુડી ખાવાનું મન થાય છે, પણ . . . . .'

'જરૂર, જરૂર;—સહેજસી! અરે ઓ કનાઈ, જો તો, જરા ગંગા વહુને ત્યાં જઈ મારું નામ લઈને કહેને કે થોડાક મમરા શેકી આપે,—હમણાં ને હમણાં . . . .'

'અને મમરા ન હોય તો પૌંવા.' હું બોલ્યો.

વાતચિતમાં અરધો કલાક વીતી ગયો. અવિનાશબાબુ વાત કરતાકરતા વચ્ચેવચ્ચે અન્યમનસ્કપણે ડાબી બાજુએ આવેલા તળાવ તરફ તાકી રહેતા. એકાએક એ બોલ્યા: 'મમરા આવે ત્યાં સુધીમાં ચાલો એક વાત કહું, સાંભળો.' કહી એમણે શરૂઆત કરી:

'હુગલી જિલ્લાના એક ગામમાં મારું મોસાળ હતું.'

મેં પૂછ્યું: '"હતું" કેમ? અત્યારે નથી?'

'એ પછી કહીશ. ના, અત્યારે નથી એમ જ માની શકો છો. "શા માટે નથી" એ પ્રશ્ન સાથે આ વાતને થોડો સંબંધ છે. પૂરી વાત સાંભળશો એટલે એ સમજાઈ જશે.

હુગલી જિલ્લાના એક ગામમાં મારું મોસાળ હતું. નાનપણમાં જ્યારે માની સાથે પહેલવહેલો ત્યાં ગયો ત્યારે હું પાંચેક વર્ષનો હતો. મારા મામાના ઘરની પાસે, એ શેરીમાં જ, આઠનવ ઘર બ્રાહ્મણોનાં હતાં. લગોલગ મકાનો હતાં. કોઈએક જગ્યાએ પણ આગ લાગતાં આખી શેરી બળીને ખાખ થઈ જાય એવી સ્થિતિ હતી. પાકું મકાન એક ફક્ત મારા મામાનું હતું. બીજાં બધાં ઘર તો તાડછાંછાયાં, નાનામોટા માંડવા જેવાં હતાં. આ શેરીમાંથી પેલી શેરીમાં જવાને, રસ્તે આવતું એક મોટું આંબાવાડિયું. નાનું એવું જંગલ, તેમાંનાં સઘન વૃક્ષો, ઝાડઝાંખરાં ને એકેક નાની તળાવડી એ બધાંને વટાવી ઠીકઠીક ચાલીએ ત્યારે બીજી શેરીનું પહેલું મકાન દેખાતું. એ સઘન વૃક્ષો અને ઝાડીઝાંખરાંની વચ્ચે ત્યારે (હું પહેલવહેલો ત્યાં ગયો એ વખતે) કોઈનું પાકું મકાન ચણાવું શરૂ થયું હતું.

એ વખતે થોડા દિવસ રહીને પાછા આવ્યા બાદ ફરીને જ્યારે હું મામાને ઘેર ગયો ત્યારે હું આઠ વર્ષનો થયો હતો. ઘણે દિવસે ગામમાં આંટો મારવા બહાર નીકળ્યો તો આ શેરી ને પેલી શેરી વચ્ચે તળાવડી નજીક આવેલું એક સ્થળ નજરે પડ્યું. એ જોઈને હું જરા અવાક્ થઈ ગયો. તળાવડી બાજુએ જંગલ ઠીકઠીક સાફ કરવામાં આવ્યું હતું. એક પાકું મકાન જગડ જેટલું ચણાઈને એમ ને એમ પડ્યું હતું. ભીંતમાં અને ઘરની છત ઉપર નાનામોટા અનેક છોડવા ઊગી નીકળ્યા હતા. ચૂનો-સુરખી રાખવાની કુંડી સુદ્ધાં એ જ ગતિને પામ્યાં હતાં. મને યાદ આવ્યું કે ગયે વખતે આવેલો ત્યારે આ મકાન બંધાતું હતું તે મેં જોયેલું. હજુ યે એ કેમ પૂરું નથી થયું? કોણ ચણાવે છે આ મકાન?

અને દોડીને જઈને મેં નાનીમાને પૂછ્યું: 'નાનીમા, પેલું મકાન કોણ ચણાવે છે? હું ગયે વખતે આવ્યો ત્યારે એ ચણાતું મેં જોયું હતું. હજુ યે પૂરું નથી થયું?'

'તને એ વાત પણ યાદ છે? વાહ બેટા! એ તો તારા મંગળમામા ચણાવે છે. એ અહીં નથી રહેતા, એટલે સંભાળને અભાવે ચણતર આગળ નથી વધતું.'

મને કુતૂહલ થયું. મેં અધીર થઈ પૂછ્યું, 'એ મંગળમામા ક્યાં રહે છે? એ કોણ છે?'

'રેલવેમાં નોકરી કરે છે, અને લાલમનીર હાટ કે બીજે ગામ રહે છે. નાનપણમાં આ ગામમાં જ રહેતા. ઘર-મકાન તો કંઈ જ હતું નહિ. પેલી શેરીવાળા મુખુજ્જેઓના એ ભાણેજ. અત્યારે નોકરી-ચાકરી કરે છે, ઘેર છોકરાં પણ થયાં છે, પછી એક છાપરું તો જોઈએ ને? એથી જ રૂપિયા મોકલે છે, ને મુખુજ્જેવાળાએ મિસ્ત્રી રાખી મકાન ચણાવવું યે શરૂ કરી દીધું છે. એ પોતે પણ અવારનવાર રજામાં અહીં આવી કામ જોઈ જાય છે.'

પણ હું એમ છોડું તેમ નહોતો. 'મેં પૂછ્યું, તો પછી મકાન પૂરું બંધાતું કેમ નથી? મુખુજ્જેવાળા તો ધ્યાન રાખી શકે એમ છે ને?'

'એમ નથી. બધી જ વાર તો એ પૈસા યે નથી મોકલી શકતા ને? જ્યારે મોકલે છે ત્યારે તેટલા પૂરતું કામ મિસ્ત્રીઓ કરે છે.'

કોણ જાણે શાથી, પણ ત્યારથી એ મંગળમામા અને એમના અધૂરાં ચણાયેલા મકાને મારા મનમાં એક અદ્ભુત સ્થાન જમાવી લીધું. પરીકથાના કો રાજકુમારની જેમ આ મંગળમામા, એમનાં પત્ની ને બાળકો, એમનું નોકરીનું સ્થળ લાલમનીર હાટ, બધાં મારે માટે કાલ

સ્પર્શાતીત, દર્શનાતીત એક મનોરાજ્યનાં અધિવાસી બની ગયાં. એટલું જ નહિ, એની રૂપિયા મોકલવાની શક્તિ-અશક્તિ પણ કોણ જાણે કેમ મારી અંગત સહાનુભૂતિનો વિષય બની ગયાં. છતાં આ બધું શા માટે બન્યું એનું કોઈ કારણ આજે પણ મને સમજાયું નથી.

મામાને ત્યાં અગાશીવાળા ઓરડામાં સૂતાંસૂતાં, નાનીમાને મોંએ પરીઓની અને બીજી રૂપકથા સાંભળતાં સાંભળતાં કેટલી યે વાર હું અન્યમનસ્ક બની વિચારતો: મંગળમામા હવે ફરીને ક્યારે રૂપિયા મોકલાવશે, મકાન ચણાવવા ? . . . . . ના, હવે કદાચ એ પોતે જ આવશે. મુખુજ્જેવાળા એના રૂપિયા ખાઈ જતા હશે એટલે મંગળમામા કદાચ હવે એના હાથમાં રૂપિયા નહિ મૂકે. મેના-પોપટની વાતો કહેતાં નાનીમાને ક્યારેક હું વચ્ચે પૂછી ઊઠતો કે, 'હેં નાનીમા, લાલમનીર હાટ ક્યાં છે ?'

અને નાનીમા અવાક્ થઈને કહેતાં: 'લાલમનીર હાટ ? કેમ બાપુ, એનું તારે વળી શું કામ છે ? હવે ઝટ ઊંઘી જા, ને મને રજા દે ભાઈ.

પ્રશ્ન

મૂળ લેખક **રવીન્દ્રનાથ ઠાકુર**

સ્મશાનમાંથી બાપ પાછો ફર્યો.

ત્યારે સાત વરસનો તેનો દીકરો ખુલ્લે ડીલે, ગળામાં સોનાનું માદળિયું પહેરીને એકલો રસ્તા પરની બારીમાં બેઠો છે.

પોતે શું વિચારી રહ્યો છે તેની પોતાને જ કૈં ખબર નથી.

સામેના ઘરના લીમડા પર થઈને સવારનો તડકો આવે છે. કાચી કેરીવાળો શેરીમાં બૂમ નાખીને પાછો ચાલ્યો ગયો છે.

બાપે આવી છોકરાને ખોળામાં લીધો. છોકરે પૂછ્યું, 'મા ક્યાં ?'

બાપે માથું ઊંચું કરી કહ્યું: સ્વર્ગે'.

૨

એ રાતે બાપ દુ:ખભારથી ઊંઘમાં વારેવારે ઊંકારા ભરતો હતો.

બારણામાં ફાનસ ટમટમતું હતું. દીવાલ પર બે ગરોળીઓ દોડાદોડ કરતી હતી. સામે ખુલ્લી અગાશી હતી. કોણ જાણે ક્યારનો છોકરો ત્યાં આવીને ઊભો હતો.

ચારે બાજુ બત્તીવિહોણાં મકાનો, જાણે દૈત્યપુરીના પહેરેગારો હોય તેમ, ઊભાંઊભાં ઊંઘતાં હતાં.

ખુલ્લે ડીલે છોકરો આકાશ તરફ તાકી રહ્યો હતો. તેનું ભૂલું પડેલું મન કોકને પૂછતું હતું, 'સ્વર્ગનો રસ્તો કઈ બાજુ ?'

આકાશમાં તેનો કોઈ ઉત્તર નથી. માત્ર અંધકારની આંખો જેવા તારા આંસુભર્યા દેખાતા હતા.

વિનોદ કોઠારી





હજુ મારે ઘણાં કામ બાકી છે. પૂજાનાં વાસણ બહાર કાઢવાનાં છે ને બીજું કેટલું યે કામ છે. તારી સાથે રાત આખી વાતો કર્યા કરું એ કેમ પોસાય ? હું જાઉં છું.'

અને લેશ પણ ઝંખવાયા વિના હું કહેતો, 'નહિ નહિ, નાની મા; તમે જાવ મા. વાર્તા કહો. હું મન દઈને સાંભળીશ.'

એ પછી હું મોસાળ ગયો ફરી બે વર્ષ બાદ. એ બે વર્ષ દરમિયાન પણ હું મંગળમામાના મકાનને ભૂલી શક્યો ન હતો. શિયાળુ સાંજે મગાણામાં ધૂપ થતાં તળાવ ઝળકાઈ ઊઠતું, વનનાં વૃક્ષો વગેરે અસ્પષ્ટ બનતાં ને ચારે બાજુ જાણે ધુમ્મસ ઘેરાયું હોય એમ લાગતું. અને એ તરફ જોતાં જ મને યાદ આવી જતું મંગળમામાનું અર્ધું તૈયાર થયેલું મકાન. સઘન વૃક્ષોથી ઘેર્યું, તળ વડી પાસેનું એ મકાન આટલા દિવસોમાં કેટલું બંધાયું હશે ? કોણ જાણે ? હવે તો નક્કી મંગળમામાએ મકાન માટે મુખુજ્જેને ત્યાં રૂપિયા મોકલ્યા હશે !

રાત્રે મોસાળ પહોંચ્યો. સવારે એ માર્ગે જ ફરવા નીકળ્યો. જઈને જોયું ને હું બોલી ઊઠ્યો, 'અરે ! આ શું ?' મકાન ચાર-પાંચ વર્ષ પહેલાં જેટલું બંધાએલું જોયું હતું એટલું જ હજુ યે હતું. એથી એક તસુ યે આગળ નહોતું વધ્યું. ઝાડઝાંખરાંથી પૂરેપૂરું ભરાઈ ગયું હતું. ઈંટની તરડો વચ્ચેથી અંકુરો ફૂટતા હતા. મંગળમામા બીચારા કદાચ ફરી બીજા રૂપિયા મોકલી નહિ શક્યા હોય !

આ વખતે મંગળમામા વિષે ઘણીઘણી વાતો સાંભળી. એ લાલમનીર હાટ નથી. એમની બદલી સાન્તાહાર થઈ છે અત્યારે એમને બે દીકરા ને બે દીકરી છે. મોટો દીકરો મારા જેવડો જ છે. મંગળમામાનાં મા થોડા વખત પર ગુજરી ગયાં. આવતા ચૈત્રમાં મોટા દીકરાને જનોઈ દેવાના છે. ત્યારે કદાચ એ બધાં દેશમાં આવશે.

પણ એ બીજે વર્ષે મારે ચૈત્ર બેઠા અગાઉ જ મોસાળ જવાનું થયું અને મંગળમામાને પ્રત્યક્ષ મળવાનો જોગ ન બન્યો.

બીજાં ત્રણેક વર્ષ વીતી ગયાં હોળી આવવાને બહુ દિવસો નહોતા. મોસાળના ગામનો હોળીનો મેળો ખૂબ વિખ્યાત હતો. ઠેકઠેકાણેથી લોકો મેળામાં હાટ માંડવા અને હટાણું કરવા આવતા. મેં મા પાસે મોસાળ જવાનું વેન શરૂ કરી દીધું કે આ વખતે તો હું એકલો જ મુસાફરી કરીને મેળો જોવા જઈશ. મને એકલો મોકલવા વિષે બાપુ બહુ વિરુદ્ધ હતા પરંતુ મારા ઝાઝા કજિયાકંકાસ પછી એમની રજા મળી. મોસાળ પહોંચીને સાંજે ફરવા ગયો ને જોયું તો મંગળમામાના મકાનનું બાંધકામ સારીપેઠે આગળ વધ્યું હતું. એક માળ જેટલું લગભગ ચણાઈ ગયું હતું. છતાં આડી હજુ બેસાડવામાં આવી નહોતી.


હું એટલો તો આનંદમાં આવી ગયો કે ઉત્સાહ અને કુતૂહલથી એકશ્વાસે દોડતો હું મંગળમામાના મકાનમાં પહોંચ્યો. જોયું તો ચણતરકામ ઘણા દિવસથી બંધ હોય એમ લાગ્યું. ગયા ચોમાસા પછી કડિયા કામે નહિ લાગ્યા હોય એમ જણાયું. અંદરની છો પર અને બહાર પાછાં ઝાડ-ઝાંખરાં જામી ગયાં હતાં. ચણતરની વચ્ચે વચ્ચે આમરૂલના છોડ ઊગી નીકળ્યા હતા, ને મકાનના આંગણામાં મોટા સરગવાના ઝાડ પર લૂમખેલૂમખાં ફૂલ આવ્યાં હતાં. ફરીફરીને જોયું. મકાનમાં ત્રણ ઓરડા, એક નાનકડો વરંડો ને વચ્ચે એક દાદરઘર હતાં. દાદરનાં આઠ-દસ પગથિયાં પણ બંધાઈ ગયાં હતાં. પેલી બાજુનો મોટો ઓરડો કદાચ મંગળમામા માટે હશે, ને વચ્ચેના ઓરડામાં એમનાં પત્ની-બાળકો રહેશે મંગળમામાના બાપા છે ? કોણ જાણે ! એ કદાચ દાદરની આ બાજુના ઓરડામાં રહેશે. પણ એ (અનુસંધાન આગળ પૃ. ૯૧ ઉપર)

સંસારનાં શહેરો

૪૬–મનીલા

પ્રશાન્ત સાગરમાં લગભગ ૧૧૫ ચોરસ માઇલના વિસ્તારમાં પથરાએલા ઝીણામોટા મળીને ૭૦૦૦ ઉપરાંત ટાપુઓનો બનેલો ફિલિપ્પાઈન્સનો દ્વિપસમૂહ વ્યાપાર અને લશ્કરી બંને દૃષ્ટિએ પાસિફિક મહાસાગરમાં બહુ અગત્યના કેન્દ્રસ્થાને આવેલો છે પૂર્વે અમેરિકા, ઉત્તરે જપાન, પશ્ચિમે ચીન ને હિંદ એશિયાનો ભૂમિખંડ ને દક્ષિણે ઑસ્ટ્રેલિયા, ન્યૂગિની આદિના પાસિફિકી વ્યવહાર વચ્ચે આવેલું એ મધ્યવર્તી મથક (જુઓ નકશો) સર્વ દેશોના વિમાનવ્યવહાર અને વ્યાપારી વહાણવટાનું મોટું થાણું છે. તેથી જ આ યુદ્ધની શરૂઆતમાં જપાને એને પહેલું કબજે કર્યું, ને અમેરિકાએ પણ પોતાનું બધું બળ વાપરી આજે ફરી એને હાથ કરવા માંડ્યું છે

એવા મહત્ત્વના દ્વિપસમૂહનું પાટનગર મનીલા એ સમૂહના મોટા ઉત્તર ટાપુ લુઝાનના પશ્ચિમ કિનારે, અનેક વહાણોને સમાવીને સાચવી શકે એવા સુરક્ષિત મનીલાના ઉપસાગર ઉપર ગંભીરસ્થાને આવેલું છે (જુઓ નકશો) મૂળ તો સાગરખેડુ સ્પૅનિયાર્ડોએ ઇ. ૧૫૭૧માં આ નગરની અહીં સ્થાપના કરેલી, જે કાળનું પુરાણું કિલ્લેબંધ શહેર આજે પણ તેના કેન્દ્રે છે. પણ ખરું તો આ શહેર છેલ્લા સૈકામાં જ ખીલ્યું ને ૧૮૯૮માં અમેરિકન વહીવટ નીચે આવ્યા બાદ તેની અદ્ભુત કાયાપલટ થઇને, આજ તે સંસ્કૃતિનાં છેલ્લામાં છેલ્લાં સાધનોથી સંપન્ન એટલું તો અદ્યતન શહેર બની ગયું છે કે દુનિયાનાં શ્રેષ્ઠ આરોગ્યમય શહેરોમાં તેની ગણના થાય છે. અમેરિકન સામ્રાજ્યના ધ્વજ હેઠળ ચાલતી બધી વિદ્યાપીઠોમાં જૂનામાં જૂની સાન્ટો ટોમસની 'ડૉમિનિકન' વિદ્યાપીઠ આ શહેરમાં છે, જે ઇ. ૧૬૪૦માં સ્પૅનિયાર્ડોએ સ્થાપેલી. મનીલા-અખાતની જાણીતી લડાઇથી ઍડમિરલ ડ્યુઇએ ઇ. ૧૮૯૮ના મે માસની ૧લી તારીખે એક પણ ખુવારી વિના આખો સ્પૅનિશ નૌકાકાફલો તારાજ કર્યો ને ૧૩મી ઑગસ્ટે શહેરનો કબજો લીધો.





(અનુસંધાન જુઓ આગળ પાન ૯૦મે)



દૂર ઉપરને ડાબે ખૂણે મનીલાના અખાતને મળતી દેખાતી શહેરને વીંધીને વહેતી પાસીગ નદી, શહેરના બંને વિભાગોને જોડતા તે પરના પૂલો તથા અદ્યતન મકાનોથી સોહતા મનીલાનું દૃશ્ય

એલિફન્ટાના શિલ્પમંડપ

મુંબાઈથી છ માઈલ દૂર દરિયામાં આવેલો, પાંચ માઈલના ઘેરાવાનો એલિફન્ટા (ઘારાપુરી) નામનો નાનકડો ટાપુ સાગરજળની વચ્ચેના એ શાન્ત એકાન્તમાં ભારતના શૈવ શિલ્પની અણમોલ કૃતિઓ ધારી રહ્યા છે. પાકા કાળમીંઢ ટેકરીઓ અને અત્યંત સ્વાદિષ્ટ ને ગુણકારી પાણીનાં સંખ્યાબંધ ઝરણાંવાળા એ બેટ પર હમણાં સુધી મબલખ ઝાડી હતી અને આજે એ ખાની ખેતી તથા પત્થરની ખાણો ત્યાંની વસતિનાં ગુજરાનના સાધનો છે. પગથિયાંની લાંબી હારમાળાની ટોચે આવેલા ઉચ્ચપ્રદેશ પર કાળમીંઢ ખડકના પેટાળમાં કોરેલી એ ગુફાઓનું પ્રવેશદ્વાર ૬૦ ફૂટ પહોળું અને ૧૮ ફૂટ ઊંચું છે. અને સાદી પણ ઘાટીલી સ્તંભાવલિઓથી ટેકાએલા તેના અંતરાળમાં લગભગ દસમી સદીના શૈવ સંપ્રદાયની અદ્ભુત પ્રતિમાઓ કંડારેલી છે, જેમાં બરોબર મધ્યમાં આવેલી 'ત્રિમૂર્તિ'ની શિલ્પકૃતિ સર્વશિરોમણિ છે શિવનાં ત્રણ સ્વરૂપ (સર્જક, પરિપાલક, સંહારક) ધારતી, માત્ર સ્કંધ સુધીના ભાગની એ મૂર્તિના ચહેરા જ ૪થી ૫ ફૂટ ઊંચા અને પ્રશાન્ત ભવ્યતાથી મનને ભરી દેતા ઘેરી છાપ પાડી રહે છે. આ ઉપરાંત ગુફાના બીજા ભાગોમાં શિવનાં વિવિધ સ્વરૂપોનું લીલાદર્શન કરાવતી ભવ્ય મનોહર શિલ્પકૃતિઓ છે. મુંબાઈ જનારો કોઈપણ પ્રવાસી એલિફન્ટા જોવાનું ચૂકે તો તેનો ફેરો અફળ ગણાય.

આશરે મધ્યાહ્ને અમે ટેકરી પર પહોંચ્યા. ચારે બાજુ સમુદ્ર અને તેમાંની હોડીઓ; મધ્યમાં ડુંગરા ને ઝાડી. સુંદર દૃશ્યો તો અહીં ઉભરાતાં હતાં. ઠંડો પવન ઉત્તેજિત કરતો હતો. આવા કાવ્યમય સ્થાને જ કલાની ઉપાસના સંભવી શકે. નથી સાંસારિક ધાંધલ કે નથી રાગદ્વેષ; નથી કુરૂપતા કે નથી વિષાદ. છે ફક્ત નિર્ભેળ આનંદ, ઉભરાતું સૌંદર્ય ને ચિંતન કરવા યોગ્ય અખંડ શાંતિ.

ભરસમુદ્ર વચ્ચે એક ખડકાળ ટેકરીમાં આ કલામંદિર બનાવાયાં છે. ચાલુક્ય રાજાઓના શિલ્પકળા તથા ચિત્રકળા પ્રત્યેના આદરનો પરિપાક તે એલિફન્ટા અને અજન્ટા. તેઓ વૈદિક ધર્મના ઉપાસક હતા, એટલે જ આ ગુફામાં શિવના જીવનપ્રસંગ ઝીલાયા છે.

પ્રવેશદ્વાર ઘણું જ મોટું છે. પત્થરના વિશાળ સ્તંભ આખા મંડપને ધારણ કરે છે. ઉપરની છત પણ પત્થરની છતાં કેવી સપાટ!

પ્રવેશતાં જ જમણી બાજુ 'નટરાજ શિવ' તાંડવ કરતા નજરે ચડે છે. આંખમાં વિનાશનું તેજ. અવયવમાં તરવરાટ ને નૃત્યની ગતિ અજબ ઉતાર્યાં છે. એ તાંડવ પાછળ જાણે હજુ યે અશ્રાવ્ય માલકૌંસની સુરાવલિ ગુંજતી સંભળાય છે એની સામે જ 'યોગીશ્વર શિવ'-ની ધ્યાનસ્થ મૂર્તિ સ્થિર આસન વાળી બેઠી છે. શાંતિનાં વર્તુલ હજુ યે આસપાસ પ્રસર્યાં કરે છે. નટરાજની પાસે 'અંધકાસુર વધ' કરતા શિવની ઉગ્ર મૂર્તિ છે. અનેક આયુધથી મંડિત એ પશુપતિના મુખ પર ક્રોધ આબેહૂબ આલેખાયો છે. એની બરાબર સામે 'કલ્યાણ સુન્દર'નું શિલ્પ છે, જેમાં શિવપાર્વતીનો વિવાહપ્રસંગ ઉતાર્યો છે. શિવ-પાર્વતીના સપ્રમાણ દેહ, બંનેના પ્રણયમુગ્ધ ભાવ અને અંગમરોડ આ શિલ્પમાં અદ્ભુત સુંદર રીતે ઊતર્યા છે. એની પાસે છે 'ગંગાધર શિવ'. જાણે ગંગાને સ્વીકારવાથી સતી ઈર્ષ્યાથી શિવ-ગંગાને જુએ છે.

પ્રવેશદ્વારની બરાબર સામે, મંડપની મધ્યમાં, કેન્દ્રને જ યોગ્ય 'ત્રિમૂર્તિ મહેશ' એટલા વિશાળ છે છતાં એટલા સપ્રમાણ કોતરાયા છે કે એ વિશાળતા જ આશ્ચર્ય ઉત્પન્ન કરે. સાથેનો નાગ પણ. એની પાસે છે શિવની 'અર્ધનારીશ્વર' મૂર્તિ એના મુખભાવ અને અંગવિન્યાસ એવા તો આબેહૂબ ઊતર્યાં છે કે શિલ્પ ઘણું જ નાજુક ને આહ્લાદક લાગે છે.


ત્યાર પછી આવે છે જીવનનો અનન્ય પ્રસંગ પ્રણય: અને તે પણ ઉમા-મહેશનો, એટલે એ પ્રણયકાવ્ય તેની યોગ્યતા પ્રમાણે જ ભવ્ય રીતે પત્થરમાં અમર કરાયું છે. 'પ્રણય-કુપિતા' પાર્વતીનું રૂસણું અને શિવનું મનામણું. બંને ભાવ જાણે પત્થરમાં સજીવ બન્યા છે. એની



'વિશ્વચેતનાને ચરણમાં કેન્દ્રિત કરતી 'નટરાજ'ની મૂર્તિ



શિવપાર્વતીનો વિવાહપ્રસંગ આલેખતું શિલ્પ: 'કલ્યાણસુન્દર'



બરાબર સામે, પોતાની ભક્તિ ને બાહુબળથી રાવણે ડોલાવેલા કૈલાસનું શિલ્પ છે. નીચે રાવણ છે, ઉપર નીલકંઠ છે અને 'રાવણ ધ્વનિતભીતયા' ઉમા તેમને આલિંગી રહી છે. ભક્તિપ્રસન્ન ભોળાનાથનું વરદાન 'રાવણ-અનુગ્રહ'ના શિલ્પથી નજરે ચડે છે.

ગર્ભ મંડપમાં મોટું શિવલિંગ છે. તેને પડખે જયવિજયનો ખ્યાલ આપતા દ્વારપાળ ઊભા છે. તેમના પગની લંબાઈ જ લગભગ બે ફૂટ તો હશે. પશ્ચિમે પાણીનાં ટાંકાં છે. પાણી પણ કેટલું ઠંડું અને મીઠું! અને તે પણ ભર દરિયે ને આટલી ઊંચાઈએ!

પૂર્વ મંડપમાં બે મોટાં ખંડિત અને અણઓળખ્યાં શિલ્પ છે. પશ્ચિમે મહાકાય 'ગણેશ' છે. અને એ હોય તો કાર્તિકેય કેમ રહી જાય? સામે જ સાધારણ ખંડિત 'શક્તિધર' કાર્તિકેયની મૂર્તિ છે.

આમ શિવપાર્વતીના જ સમગ્ર ભવ્ય પ્રસંગોને શિલ્પમાં તાદૃશ રીતે કંડારી અમર કરનાર—અને અમર થનાર—એના સર્જકો કેવા ઉચ્ચ પ્રતિભાવંત કલાકારો હશે તેનો વિચાર સ્વાભાવિકરીતે જ આવે છે. ખરે! 'કલ્યાણસુંદર', 'અર્ધનારીશ્વર' ને 'પ્રણયકોપિતા' એ ત્રણેના ભાવ અને અંગમરોડ, તથા નટરાજનો ભંગ તો અદ્ભુત છે. પ્રત્યેક શિલ્પ ૯ થી ૧૦ ફૂટ ઊંચું હોવા છતાં એનું એકેએક અંગ સપ્રમાણરીતે પત્થરમાં ઉત્કીર્ણ કરવું એ કાંઈ જેવીતેવી વાત નથી. બધાં યે શિલ્પ એટલાં ભાવવાહી, મનોરમ અને જીવંત છે કે જાણે હમણાં પોતે જ પોતાની કથા બોલી ઊઠશે એમ લાગે.

આજે આર્યોની આ કળા લગભગ વિસરાઇ ગઈ છે. કલા પાછળ ભાવના ઉચ્ચ જોઇએ. અને સ્વતંત્ર માનસ જ કલાની કદર કરી શકે કે કલા સર્જી શકે. આપણે સ્વતંત્ર પણ નથી; અને આપણી ભાવના? એ તો, કોઇ વર્ષાન્તર પછી જ આ પત્થરમાં આલેખાએલા કાવ્યને સમજનાર કવિ જન્મશે ને એમનો 'અમને સર્જ્યે, અમે તમને સર્જીશું' એ સંદેશ ઝીલી ઉદ્ધારશે અને નૂતન સર્જન પ્રકટશે. અત્યારે તો પેલા મહાન સર્જકો-શિલ્પદ્રષ્ટાઓ પોતાની અમર કળાના ઉદ્ધાર માટે ને નૂતન કળાના સર્જન માટે ભવ્ય આશાસ્વપ્ન સેવતા હશે કે

'उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ।

ઈશ્વરચન્દ્ર ભટ્ટ





અંધકાસુરવધ કરતા શિવની ઉગ્રમૂર્તિ 'ભૈરવ'; નીચે: દ્વારપાળો; મથાળે: ગુફાઓનો સમગ્રતયા ખ્યાલ આપતું ચિત્ર

ફોટોગ્રાફીની વિજ્ઞાનસેવા

• **ફોટોગ્રાફીની** કલા સ્નેહીઓના 'સ્નૅપ' કે સૃષ્ટિસૌંદર્યનાં દૃશ્યો ઉતારવામાં જ સમાતી નથી, પણ તેની ઉપયોગિતાનું ક્ષેત્ર દૂરાન્તરે આવેલા તારા અને ગ્રહો, ઉછરતા છોડ કે માનવદેહનાં ગૂઢ રહસ્યોનાં નિરીક્ષણ, અભ્યાસ અને ઉકેલ સુધી વિસ્તરેલું છે. વિજ્ઞાનનું એકેય ક્ષેત્ર એવું નથી કે જેમાં કૅમેરાની સહાયની જરૂર ન પડે.

વિજ્ઞાનના ક્ષેત્રમાં કૅમેરાનો ઉપયોગ 'નોંધ' (Recording)-ચિત્ર-દફ્તર રાખવાના કાર્ય માટે તો લાંબા વખતથી થાય છે. કોક સ્થળનાં શીતોષ્ણતામાનની નોંધ લેવાની હોય તો ત્યાં થર્મૉમીટરની સામે કૅમેરા ગોઠવવામાં આવે છે. દર અર્ધા કલાકે થર્મૉમીટરના પારાની ઊંચાઈનો આંક કૅમેરા દ્વારા ફિલ્મ પર નોંધાયે જાય એવી યાંત્રિક ગોઠવણ કરવામાં આવેલી હોય છે. આ રીતે અઠવાડિયાના ટૅમ્પરેચરની નોંધ કૅમેરા દ્વારા આપોઆપ થઈ જાય છે અને આના ઉપરથી શીતોષ્ણતામાનનો અંદાજ કાઢી શકાય છે.

પૃથ્વીના સૂક્ષ્મતમ ધરતીકંપની નોંધ લેવા માટેના 'સીસ્મોગ્રાફ' યંત્રના ગાલ્વેનોમીટરની સોયના જરાપણ હલનચલનની રાહ જોતાં વૈજ્ઞાનીને ચોવીસે કલાક યંત્ર સામે આંખો ખોડી બેસી રહેવું જોઈએ. પણ હવે તો એકધારી ગતિએ ફરતા ફોટોગ્રાફિક કાગળ ઉપર સોયની બારીકમાં બારીક ગતિની ચોક્કસાઈપૂર્વકની નોંધ લેવાય એવી યોજના કરવામાં આવી છે. આમ થવાથી વિજ્ઞાનીની મહેનત અને સમયનો ઘણો બચાવ થાય છે અને તેની હાજરી સિવાય પણ પૃથ્વીના કંપની નોંધ લેવાયે જાય છે.

વૈદકશાસ્ત્રમાં તો કૅમેરાની સેવાઓ અમૂલ્ય છે. હૃદયની પૂર્ણ કાર્યરીતિ જાણવા માટે તેને પાંસળાંની બહાર તો કાઢી શકાય નહિ. અને એક્સ રે કે સ્ટેથેસ્કૅપ (થડકારા તપાસવાની ભૂંગળી)થી તેનાં કેટલાંક રહસ્યો પામી જ શકાય તેવાં નથી. પણ ઇલેક્ટ્રો કાર્ડીઓગ્રામ નામના યંત્ર દ્વારા ફોટોકલાની સહાયતાથી આરોગ્ય અને અનારોગ્યાવસ્થાવાળા હૃદયની ઘણી વિગતો જાણવા મળી છે. પાચનક્રિયાની વિગતો જાણવા માટે વળી વિશિષ્ટ રચનાવાળો ટચુકડો કૅમેરા માનવ હોજરીમાં ઉતારી હોજરીના અંતર્ભાગના ને પાચનની નોખીનોખી ક્રિયાઓના ફોટોગ્રાફો લેવામાં આવે છે. મગજની ક્રિયાશક્તિ અને માનવદેહની બીજી કેટલી યે અદૃષ્ટ ને અટપટી ક્રિયાઓ જે અન્ય સાધનોથી જાણી ન શકાય તે કૅમેરા વતી જાણી શકાઈ છે.

આપણી આંખ સેકન્ડના પચ્ચીસમા ભાગ કરતાં વધુ ઝડપી ગતિવાળી ક્રિયા કે હલનચલન જોઈ શકતી નથી હોતી જેસબંધ ગોળ ફરતી લાકડી, બંદુકમાંથી છૂટેલી ગોળી કે મિનિટના સેંકડો આંટા મારતું પૈડું ગતિ દરમ્યાન કેવાં દેખાય છે, કેવા રૂપવિન્યાસ ધારણ કરે છે તે પકડવાને આપણી આંખો શક્તિમાન નથી પણ સેકન્ડના હજારમા ભાગ પર્યંતની ઝડપી ગતિનાં કે હલનચલનનાં દૃશ્યો ઇલેક્ટ્રીક સ્પાર્ક (વિદ્યુત તણખા.થી સંચાલિત 'હાઈસ્પીડ' ફોટોગ્રાફી વડે ઝડપી શકાય છે ને અકલિત ઝડપના ભેદ પારખી શકાય છે.

હાઈ સ્પીડ ફોટોગ્રાફી દ્વારા મોટરના સિલિન્ડરના સ્પાર્કથી પ્રદીપ્ત થતી જ્વાળા સંબંધી જ્ઞાન મેળવ્યાથી, મોટરની ગતિમાં કે એરોપ્લેનના ઉડ્ડયનમાં ઊંચી કાર્યક્ષમતા કેવીરીતે સાધી શકાય તે જાણી શકાયું છે. આવી જ રીતે અવાજનાં આંદોલનોના ફોટોગ્રાફો લઈ કાનના પડદા ઉપર અવાજની સંવેદના ઉત્પન્ન કરતાં આંદોલનો સંબંધી ઘણી માહિતી મેળવાઈ છે આના આધારે રંગભૂમિગૃહના સ્થાપત્યમાં, વાદ્યયંત્રોની બનાવટમાં અને ચલચ્ચિત્રોમાં અવાજની જીવંત અસર ઉપજાવવાની આયોજનામાં ઘણું માર્ગદર્શન મળ્યું છે

મોટર દોડની કે ઍરોપ્લેન-ઉડ્ડયનઝડપ જાણવા 'સ્ટૉપ વૉચ' એક સાધન છે. તે વડે એક સેકન્ડના પાંચમા ભાગ દરમ્યાનની ગતિની નોંધ લઈ શકાય છે; પણ સેકન્ડના ૬૧૬ ફૂટની ઝડપે ઊડતા એરોપ્લેનની ઉડવાની ગતિ 'સ્ટૉપ-વૉચ વડે નોંધવા બેસીએ તો સેકન્ડના પાંચમા ભાગમાં તે ૧૨૦ ફૂટનું અંતર ઊડી ગયું હોય! એટલે ત્યાં 'સ્ટૉપ-વૉચ' નકામી થઇ પડે. આ માટે એક સેકન્ડના હજારમા ભાગ પર્યંતની ગતિનાં દૃશ્યો ઝડપતા હાઇ સ્પીડ કૅમેરા અને ક્રોનોમીટરની ગોઠવણીથી એરોપ્લેનની અને મોટરની ગતિના ઝડપની નોંધ લેવાની યોજના કરવામાં આવે છે.

હાઇ સ્પીડ ફોટોગ્રાફીથી ઝડપેલાં દૃશ્યોને મંદગતિ કરીને (એટલે કે એક સેકન્ડને બદલે દસ સેકન્ડ સુધીનો સમય આપીને) જોવાથી જે 'સ્લો મોશન' ચિત્ર મળે છે તે શોધખોળના ક્ષેત્રમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, કેમકે એ વડે આપણી આંખોથી કદી જોઇ ન શકાય તેવાં દૃશ્યો બહુ ધીમા ક્રમથી ને સમજાય તેવીરીતે દૃશ્યમાન થાય છે.

ચક્ષુપટ ઉપર અસર ઉપજાવી ન શકે તેવા ઝાંખા પ્રકાશમાં યે કૅમેરાની આંખ-જોઈ શકે છે. આ રીતે માનવી માટે આકાશદર્શન ઘણું સરળ અને સુલભ બન્યું છે. દૂરબીન સાથે ફોટોગ્રાફીની સંયુક્ત મદદથી એકીવખતે દસ કરોડ કરતાં વધુ તારા ગણી શકાયા છે. અનંત આકાશપટના વિસ્તારને (ખગોળશાસ્ત્રી ભલેને એ વખતે રાતના આરામ લેતો હોય તોપણ) કૅમેરા વતી કાગળ પર ઉતારી વેધશાળાના ખંડના ટેબલ ઉપર સૂક્ષ્મ પ્રતિકૃતિ રૂપે ખડો કરી શકાય છે સર આર્થર ઍડિંગ્ટનના કથન મુજબ સમસ્ત આકાશનું ચિત્ર ઉતારવા માટે ૬$\frac{1}{2}$×૬$\frac{1}{2}$ ઈંચની દસ હજાર પ્લેટો પૂરતી છે. આમાં પૂર્ણ ચંદ્રનું ચિત્ર એક ઇંચના કદનું એક ખૂણે અંકિત થાય.

જાંબુડિયા અને રાતા રશ્મિવર્ણ (Spectrum)ની પારના રશ્મિવર્ણો આંખ ઝીલી શકતી નથી, એટલે તે રશ્મિવર્ણનાં દૃશ્યો આપણે જોઇ શકતા નથી હોતા. આ એક રીતે સારૂં છે, કેમકે એથી કેટલાંક ભયાનક દૃશ્યો જોવામાંથી આપણે બચી ગયા છીએ. પણ કૅમેરાની આંખ અંધારામાં ઈન્ફ્રા-રેડ અને અલ્ટ્રા-વાયોલેટ કિરણોમાં યે જોઇ શકે તેવી તીવ્ર હોય છે. આની મદદથી વધુ કુતૂહલભર્યું અને રસભર્યું જગત આપણે જોઇ શક્યા છીએ.

ધૂળ કે ભિનાશને કારણે અગર લાંબા અંતરને લીધે સામાન્ય પ્રકાશમાં લેવાએલાં ફોટોચિત્રોમાં જે ઝીણવટભરી વિગતો ઉતારી નથી શકાતી તે ઈન્ફ્રા-રેડ અને અલ્ટ્રા-વાયોલેટ ફોટોગ્રાફીથી આણી શકાય છે. રણ, મેદાન, જંગલ કે હિમમય પ્રદેશો, જે માનવશક્તિ માટે દુર્લંઘ્ય છે તેનાં દૃશ્યો એરોપ્લેનમાંથી ઈન્ફ્રા-રેડ ફોટોગ્રાફી વડે ઝડપી લેવાય છે. જમીન ઉપરથી નજરે ન પડે તેવી વિલીન નગરીઓનાં સીમા ચિહ્નો હવાઇ ઈન્ફ્રા-રેડ ફોટોગ્રાફી દ્વારા દૃશ્યમાન થઈ શક્યાં છે. આ રીતે કેટલી યે અસ્ત નગરીઓની ભાળ મળી છે.

ઉપરાંત, ભૂતકાળની સૃષ્ટિના પુનર્સર્જનમાં એક્સ-રે ફોટોગ્રાફીનો મહત્ત્વનો ફાળો છે તેના વતી કાટ ખાઇ ગએલા સિક્કા, તામ્રપત્રો, કબરોમાંનાં મુડદાં, તેમના રોગો વગેરે વિષે ઘણી મહત્ત્વની માહિતી મેળવી શકાઇ છે.

પ્રકાશ વડે છાપ લેવાની વિદ્યા તે ફોટોગ્રાફી. ઇ.સ. ૧૮૩૯માં તે શોધાઈ અને તેના શોધકે પ્રકાશને કાગળ ઉપર સ્વ-આલેખન કરતું કર્યું ઇ. સ. ૧૮૮૯માં ઇસ્ટમૅને કચકડાની ફિલ્મ શોધી અને તે પછીનાં પચાસ વર્ષના આ ગાળામાં ફોટોકલામાં એટલી બધી પ્રગતિ સધાઈ છે કે તે વિજ્ઞાનનો એક નવીન ચમત્કાર થઇ પડી છે. ઝડપ, તીવ્ર દૃષ્ટિ અને કાયમીપણું: આ વિવિધ ગુણોનો સુમેળ સાધતું ફોટોકલાનું સાધન સંશોધનશાસ્ત્રમાં અગત્યનું સ્થાન ધરાવે છે. વિજ્ઞાનના કોઈ પણ ક્ષેત્રમાં કૅમેરા વગર વિજ્ઞાની નિઃસહાય થઈ પડે. આ પરથી સમજાશે કે ફોટોકલાનું સ્થાન આજે જગતમાં કેટલું બધું મહત્ત્વનું અને અગત્યનું છે. **શિવપ્રસાદ ત્રિવેદી**

મનીલા (અનુસંધાન પૃ. ૮૯થી ચાલુ)

લગભગ દરિયાની સપાટીજેટલી જ ઉંચાઇએ આવેલા આ શહેરને બે ભાગમાં વહેંચી નાખતી પાસીગ નદી તથા તેમાંથી નીકળતી સંખ્યાબંધ નહેરો શ્રીનગરનું સ્મરણ કરાવે છે. મનીલા, એ નામનો અર્થ મ-નીલાડ એટલે 'ફૂલોનો બાગ' એવો થાય છે, અને કુદરતે એને એટલી બધી નિસર્ગસમૃદ્ધિ અને સૌન્દર્યથી શણગાર્યું છે કે તે દૂરપૂર્વનું વેનીસ કહેવાય છે. જોકે પાસિફિક ઝંઝાવાત ટાઈફૂન અને ધરતીકંપોની અસરના વિસ્તારમાં એ આવેલું છે, અને ૧૮૬૩માં લાગેલો આંચકો તો એને બહુ ખતરનાક નીવડેલો.

ફિલિપ્પાઈન્સની મુખ્ય પેદાશ કોપરાં, એબેકા નામની હેમ્પ(ભીંડી), તમાકુ,સાકર, ઇમારતી લાકડું, એ બધાંનું મુખ્ય વ્યાપારી મથક મનીલા જ છે. અહીંની મનીલા હેમ્પ (ભીંડી)નાં દોરડાં જગનામી છે, અને આ શહેરના અનેનાસના તૈયાર ડબ્બાનો સ્વાદ ચાખ્યા વિના જગતની કોઇપણ પ્રજા ભાગ્યે જ રહી હશે. કોપરૂં ઉત્પન્ન કરતા દુનિયાના દેશોમાં એનો નંબર ત્રીજો છે. મનીલાની બંદરગાહ છેલ્લામાં છેલ્લી ઢબે ખીલવેલી છે મનીલાનો અખાત વહાણો માટે સલામત બને એ હેતુથી ત્યાં વિશાળ જળરોધક બંધ-બ્રેકવૉટર્સ-બાંધેલા છે, અને અખાતને મળતી પાસીગ નદીના મુખ દ્વારા આંતરપ્રદેશમાં પણ ઘણે દૂર સુધી વહાણો જઈ શકે છે. અખાતમાં દાખલ થતાં જ કોરેજીડૉરનો કિલ્લેબંધ ટાપુ આવેલો છે જે દરિયાઇ હવાઇ વિમાનોનું મોટું મથક છે.

આમ, આખા પ્રશાન્ત વિસ્તારમાં અગત્યની ચાવી રૂપ આ મનીલા, અમેરિકન અસર હેઠળ સ્વાયત્ત શાસન ભોગવતી ફિલિપ્પન પ્રજાની જાગૃતિ અને પ્રગતિનું પ્રતીક છે. આઝાદી ઝંખતી પ્રજાનું એ પાટનગર ઘોર વિનાશ કરતા આજના યુદ્ધની અગ્નિપરીક્ષામાંથી શુદ્ધ અને સંગીનપણે પાર નીકળી આવ્યું એમાં જ એ પ્રજાના ખમીરની ખરી પરખ જણાઈ આવે છે.



સ્વ. પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ

અમેરિકાના ૩૨મા પ્રમુખ ફ્રૅંકલિન ડેલાનો રૂઝવેલ્ટનું ૧૨મી એપ્રિલે,૬૩ વર્ષની વયે એકાએક અવસાન થયું છે. અમેરિકન લોકશાસનના ઇતિહાસમાં અનન્ય એવું ઉપરાઉપરી ચાર વખત પ્રમુખપદે ચુંટાવાનું માન મેળવનાર, ને ૧૩ વર્ષ સુધી એ દેશ પર એકચક્રી લોકપ્રિય શાસન ચલાવનાર એ પુરૂષવરનું સ્થાન પ્રજાહૈયામાં કેવું હતું તેની ઇતિહાસનો એ અપવાદ શાખ પૂરે છે. ૧૯૩૨માં એ પહેલો પ્રમુખપદે આવ્યો ત્યારે અમેરિકા ઔદ્યોગિક કટોકટીને ભયંકર કિનારે ઊભું હતું. એમાંથી પોતાની 'ન્યૂ-ડીલ'ની યોજનાથી એણે દેશને ઉગારી લીધો, બેકારીનો નાશ કર્યો અને મુફલિસીને માર્ગે જતા અમેરિકાને માલેતુજાર બનાવ્યો. તે પછીનું એનું બીજું સ્વપ્ન સંસારમાં શાંતિ ને સમભાવ સ્થાપવાનું હતું. વિશ્વશાંતિ અને સલામતીના ગગનગામી મિનાર રચનાર, લિંકન, જેફરસન ને વિલ્સન જેવા એ દેશના જ્યોતિર્ધરોને પગલે માનવસ્વાતંત્ર્યની મશાલને દોરનાર, 'વિશ્વનું ઘડતર ઉપરથી નહિ પણ નીચેથી થવું જોઇએ એવી ઘોષણા કરનાર' અને ફિલિપ્પાઈન્સને પોતાના દેશની કબજાગીરીમાંથી મુક્ત કરવાનું પગલું ભરનાર એના એકલામાં જ જગતને શાંતિને માર્ગે દોરી જવાની કાંઇક આશા હતી. તે આજે આથમી ગઈ છે.

ન્યાયાધીશ (સાક્ષીને): આરોપીએ પોતે ગુનો કર્યાનું તમારી પાસે કબૂલ્યું હતું ને?

સાક્ષી: હા સાહેબ.

ન્યાયાધીશ: ત્યારે કહો જોઈએ, તેણે તમને શું કહ્યું હતું?

સાક્ષી: સાહેબ, તેણે ચોરી કરી હતી એમ કહ્યું હતું.

ન્યાયાધીશ: એમ નહિ, તે જે શબ્દો બોલ્યો હોય તે જ શબ્દો કહો.

સાક્ષી: સાહેબ, હું સાચું કહું છું, તેણે એમ જ કહ્યું હતું.

ન્યાયાધીશ: એમ નહિ, 'તેણે ચોરી કરી છે' એવા શબ્દો હતા કે 'મેં ચોરી કરી છે' એવા શબ્દો હતા?

સાક્ષી: સાહેબ, હું ઇશ્વરસાક્ષીએ કહું છું કે તેણે આપનું નામ તો આપ્યું જ ન હતું!

ગામનો મહેતાજી (ખેડુતને)—પટેલ, તમને કોયડા ઉકેલતાં આવડે ખરા?

ખેડુત—તમારા જેટલું તો ન આવડે.

મહેતાજી—પણ ચાલોને, આપણે એમ નક્કી કરીએ કે અરસપરસ આપણે કોયડા પૂછીએ; જે હારે તે પાંચ રૂપિયા આપે.

ખેડુત—સાહેબ, તમારી વાત તો સાચી, પણ તમે ભણેલા, એટલે જીતી જાઓ; અને હું અભણ એટલે જલદી હારી જાઉં. આથી એમ નક્કી કરીએ કે હું હારૂં તો અઢી રૂપિયા આપું ને તમે હારો તો પાંચ રૂપિયા આપો.

મહેતાજી—કબૂલ. હવે તમે પહેલાં પૂછો.

ખેડુત—એવું કયું પ્રાણી છે કે જે ત્રણ પગે ચાલે ને બે પગે ઊડે?

મહેતાજી—એવા પ્રાણીની તો મને ખબર નથી. હું હાર્યો આ લ્યો પાંચ રૂપિયા. હવે મારો વારો? હું તમે પૂછેલો કોયડો જ સામે તમને પૂછું છું

ખેડુત—મને એ કોયડાનો જવાબ નથી આવડતો; માટે તમે મને આપેલા પાંચમાંથી અઢી રૂપિયા લ્યો. હવે આપણે છુટા પડવાનું આવ્યું. તમારે જવું છે ગામ ભણી ને મારે સીમ ભણી. રામરામ.

મંગળમામાનું મકાન (અનુસંધાન પાન ૮૫થી)

રસોડું ક્યાં કરશે ? કદાચ આંગણામાં જ એક બાજુ, પેલા સરગવાના વૃક્ષની નીચે એ રસોડું કરશે.

મંગળમામા જ્યારે અહીં સકુટુંબ રહેતા હશે ત્યારે આખું આ આગણું આવું જંગલ જેવું રહેશે ? બાળકો દોડાદોડ ને કૂદાકૂદ કરીને રમશે. કદાચ મંગળમામા દર પૂર્ણિમાએ કે સંક્રાન્તિસંક્રાન્તિએ સત્યનારાયણની કથા કરાવશે, ને ત્યારે તળાવડી બાજુના આ ભાગની સિકલ એકદમ બદલાઈ જશે. મારા મામાના ઘર વાળી આ શેરીમાં એક મકાન વધશે....ને પછી તો પેલી શેરીમાંથી રમીને પાછા ફરતાં સાંજ પડી જશે તો યે ફિકર નહિ રહે....એમને ઘેર દીવા-બત્તી પ્રગટી ગયાં હશે, છોકરાં વાતો કરતાં હશે, પછી ભય શો ? મોજથી ચાલ્યા જઈશું.

વળી બીજાં બે વર્ષ વીતી ગયાં. હું ત્રીજા વર્ગમાં ભણતો હતો. હવે હું બધે જ એકલો જતો, તેમ મોસાળ પણ એકલો જ ગયો. મંગળમામાના મકાનમાં છત પીટાવવાનું પતી ગયું હતું. સીમેન્ટની છો થઈ હતી. વરંડાની બહાર ઓટલો ક્યારે બન્યો એની તો ખબર જ ન પડી! હવે ફક્ત થોડુંક બાકી હતું. બારી-બારણાંમાં હજુ કમાડ નખાયાં નહોતાં. વાહ, મંગળમામાનું મકાન તો ત્યારે બની ગયું ને શું !

ત્યાર બાદ એક લાંબો ગાળો પડી ગયો. હવે નાનપણની જેમ વારંવાર મોસાળ નથી જવાતું. જાઉં છું ત્યારે પણ એકાદ જ દિવસ રોકાઉં છું. ને ત્યારે રસ્તે જતાં જોઉં તો જંગલની વચ્ચે મંગળમામાનું મકાન અગાઉની જેમ જ વસ્તીવિહોણું ઉજ્જડ પડયું હોય છે. ઝાડ-ઝાંખરાં ચારે બાજુ વધુ ગાઢ થયાં છે. કોઈએ કદી યે ત્યાં પગ મૂક્યો હોય એમ લાગતું નથી .... જાણે એક શૂન્ય, લક્ષ્મીવિહીન, ઉદાસ ચહેરો. શિયાળુ સાંજે, વર્ષાના દિવસે અને ચૈત્ર-વૈશાખના બળબળતા બપોરે કેટલી યે વાર એ મકાન મેં જોયું છે—પણ એક જ મૂર્તિ....

આ રીતે કેટલાંક વર્ષો વીતી ગયાં.

હવે તો પ્રવેશિકા (એન્ટ્રન્સ–મૅટ્રિક)માં પાસ થઈ હું કલકત્તા કૉલેજમાં દાખલ થયો હતો. એ વખતે બીજા વર્ષના આખર દિવસો હતા. ઈન્ટરની પરીક્ષા આપવાનો હતો. કંઈક કામસર મોસાળ ગયો હતો.

ત્યારે ઘણું કરીને માહ મહિનાના છેલ્લા દિવસો હતા. બપોરે પૂર્વ તરફના ઓરડામાં બારી પાસે ખાટલામાં લાંબો પડયો પડયો. લૉજિકવિષયક કોક પુસ્તક વાંચતો હતો. એવામાં શામળો ને પાતળો એવો એક પ્રૌઢ માણસ ત્યાં પ્રવેશ્યો. મોટી મામી બોલ્યાં: 'આ તારા મંગળમામા, પ્રણામ કર.'

મારું પેલું બાળપણનું મન હવે તો ઘણું યે બદલાઇ ગયું છે. ઉમરલાયક થયો છું. કૉલેજમાં ભણું છું ને કેટલાય વિવિધ પ્રકારના લોકો સાથે ભળું છું. સુરેન્દ્ર બંદોપાધ્યાય ને બિપિન પાલનાં ભાષણો સાંભળું છું. રાષ્ટ્રીય સભાઓમાં સ્વયંસેવક બનું છું. હવે જીવનનો દૃષ્ટિકોણ જ બદલાઈ ગયો હતો ત્યારે મનના કોઇ ઊંડા ખૂણામાં જૂના દિવસોના આદર્શ અને કુતૂહલની વસ્તુઓ તથા બીજી વાતોના ઢગલા સાથે મંગળમામા અને એમના મકાનની વાત પણ દટાઈ ગઇ હતી. તેથી જરા અવજ્ઞામિશ્રિત નજરે—સહેજ કુતૂહલપૂર્વક મેં એમના તરફ જરા જોયું જ માત્ર. એમની ઉમર પચાસની ઉપર હશે. ચોટલીમાં એક નાનું માદળિયું, ગળામાં શેનીક માળા, કાળીધોળી ખીચડી દાઢી, આ જ હતા મારા મંગળમામા ! ને ઉદાસીન ભાવે મેં જેમતેમ પ્રણામ પતાવ્યા.

પરંતુ મંગળમામાએ મારી સાથે ખૂબખૂબ વાતો કરી,—જાણે ચોંટયા જ. હું કઈ કૉલેજમાં ભણું છું, શું ભણું છું, કઈ મેસમાં રહું છું, પરીક્ષા ક્યારે છે, પાસ થઈશ એમ લાગે છે કે નહિ વગેરે પૂછીને એમણે મને થકવી નાખ્યો. પોતે હમણાં કલકત્તામાં નોકરી કરે છે, બાગબઝારમાં રહે છે, પોતાનો મોટો દીકરો પણ આ વખતે મૅટ્રિકની પરીક્ષા આપી પહેલા વર્ષમાં આવ્યો છે, આ બધા ખબર પણ એમણે મને આપ્યા.

મેં પૂછ્યું 'તમે અહીંના આ મકાનમાં રહેવા નથી આવવાના શું?'

એમણે કહ્યું, 'આ વશું. હવે તુરતમાં જ સૌને લાવવાનો છું. પણ હજુ યે થોડુંક કામ બાકી છે,—એક રસોડું અને એક કૂવો. એ બે થાય એટલે તુરત બધાંને લઇ આવું. કલકત્તામાં તો મકાનભાડાં અને—અને દૂધનું બીલ આપતાં જ .... એથી જ તો ખાધું ન ખાધું કરીને અધભૂખ્યા રહીને પણ દેશમાં આ મકાન ઊભું કર્યું. છતાં હજુ આ જરાક જેટલું બાકી છે .... અને અગાશીવાળા ઓરડાની છત પણ .... હવે આ શ્રાવણ સુધીમાં એ પણ પૂરું થઇ જશે.''

'શું કહો છો ? ! હજુ યે બાકી છે ? સમજણો થયો ત્યારથી જોતો આવું છું તમારા આ મકાનને ચણાતું ! લાગે છે કે આ તાજમહેલને પૂરો થએલો તો હવે જીવતો હોઈશ તો જોઈ શકીશ.

ને મંગળમામા મનોમન ગણગણવા લાગ્યા, 'શું કરું ભાઇ ? સાધારણ નોકરી. ખાધુંપાતળું ખાઇને જે વધે એમાંથી જ તો મકાન ચણાવવાનું રહ્યું ને? અત્યારે તો ભાડાની કોટડીઓમાં પડયા છીએ, પણ કાલ ઊઠીને જો નોકરી તૂટી જાય તો છૈયાંછોકરાંને લઇને રહેવું ક્યાં ? એ વિચારે જ આજ ચૌદ-પંદર વર્ષથી ધીરેધીરે આ મકાન ચણાવું છું. પણ હવે બહુ વાર નહિ લાગે. આવતે વર્ષે બધું પૂરું થઇ જશે. પછી બધાંને અહીં લઈ આવીશ. જગ્યા મને તો ખૂબ ગમે છે.'

મંગળમામાએ કહ્યાં તો ચૌદ-પંદર વર્ષ, પણ મારા મનમાં થયું કે મંગળમામાનું એ મકાન આજથી નહિ પણ જીવનની પાછળ ભૂતકાળમાં જેટલે દૂર નજર નાખી શકાય તેટલા સમયથી .... જાણે અનન્તયુગથી, એક ઉપર એક ઇંટ મુકાતી આવતી હોય એમ બંધાતું હું જોઈ રહ્યો છું. નાના શિશુમાંથી ક્યારે બાળક બન્યો, ને બાળકમાંથી કિશોર; અને કિશોરાવસ્થા વીતી જતાં હવે જુવાનીની શરૂઆત. મારા મનમાં જાણે આ અનાદિ અનંત કાળ વહીને, શતશત જન્મ-મૃત્યુ, સર્જન ને પરિવર્તનના ઇતિહાસમાં થઇને, મંગળમામાનું મકાન ચણાતું જ રહ્યું હતું. . . .

બીજે વર્ષે ફરી મંગળમામાને મળવાનું બન્યું કલકત્તામાં જ. હું ત્યારે કૉલેજના ત્રીજા વર્ષમાં હતો. એમણે કહ્યું 'આવજે એક વાર આપણે ત્યાં. તારી મામી વગેરે તને જોઇને બહુ રાજી થશે. આવતા રવિવારે નક્કી આવજે. નક્કી ને નક્કી જ.'

પછીના રવિવારે એમને કલકત્તાને ઘેર ગયો. એમના છોકરાઓ સાથે પણ ઓળખાણ થઈ. મંગળમામા આરજૂ કરતા હોય તેમ બોલ્યા: 'આ લોકોને કહું છું કે એક વાર દેશમાં જઈ આવો. આ વખતે, હજુ ગયા અષાડમાં જ હું જઇને આંગણામાં મઝાનાં ફણસીવાલોળ વગેરે શાકપાન વાવી આવ્યો છું. વેલ પણ બધી ચડાવી આવ્યો છું. પણ મારું કોઈ કાંઈ સાંભળે છે ખરું ? '

ને મામી ધૂંવાંફૂંવાં થઈ ઊઠયાં: 'પણ ત્યાં જઇએ શું ? એકે ઓરડો રહેવા જેવો છે ખરો ? અગાશીમાંથી યે ફાટ થઇને વરસાદનું પાણી ટપકયા કરે છે. ને પાણીની તો કંઈ સવડ જ નથી આખા મકાનમાં. ફક્ત ફણસી વાલોળનાં પાન ચાવીને ઓછું....? વળી સાવ ખુલ્લું. વંડી પણ નહિ.'

ને મંગળમામા ધીમો બચાવ કરતાંકરતાં—બીતાંબીતાં જે બોલ્યા હતા એનો અર્થ એટલો જ હતો કે ત્યાં કોઈ રહેતું નથી એટલે જ તો મકાનમાં વડ અશ્વગંધા વગેરેના છોડવા ઊગે છે. અગાશી તો ઘણા દિવસથી તૈયાર થઇ ગઈ છે. પણ કોઈ રહેતું નથી એટલે જ મકાન ખરાબ થાય છે. છતાં યે વરસમાં બે ત્રણ વાર જાઉં છું, એટલે ઘરબાર હજુયે ટક્યાં રહ્યાં છે. નાના કૂવામાં તે બીજું કેટલું ખરચ હોય? આવતા ચૈતર સુધીમાં એ પણ થઈ જશે. અને તમે બધાં ય જો જાઓ તો વંડી આ અષાડમાં જ કરાવી લેશું.

અને હું સમજ્યો કે વંડી અને નાનો કૂવો થવાં હજુ યે બાકી છે; મંગળમામાનું મકાન હજુ યે પૂરું નથી થઇ રહ્યું; હજુ યે એમાં કંઇક કામ બાકી છે. છતાં આટલા દિવસથી કામ ચાલે છે, કારણ એક બાજુ ચણાય છે ને બીજી બાજુ ભાંગતું યે જાય છે.

એ પછી એકવાર મોસાળ ગએલો અને જોએલું કે મંગળમામા બેપાંચ દિ'ની રજા લઇ પોતાને મકાને આવ્યા છે. આ ફેરવે છે ને પેલું ખેસવે છે. એક ઝાડ વાવે છે ને બીજું કાપે છે બૈરાંછોકરાં કલકત્તા મૂકી ગામમાં આવવા માગતા નથી, એટલે એમને પોતાને જ આવવું પડે છે ને સારસંભાળ રાખવી પડે છે. એક દિવસ શરમાતાશરમાતા મને મળવા એ આવ્યા. મેં પૂછ્યું. 'વંડીનું શું થયું?' એ બોલ્યા, 'વંડી? હા, એ તો હું હમણાં જરા ખેંચમાં રહું છું... આ આવતા ચોમાસામાં તો.... ઘરબાર કર્યાં છે આખું જીવન ખેંચીખેંચીને. આ મકાન મારી બહુ વહાલી જગ્યા છે. પેલા લોકો નથી રહેતા એટલે હું જ રહું છું.'

'પણ તમે ત્યાં કઈ રીતે રહો છો? એ બાજુ તો કોઇ માણસ પણ છે નહિ. મામાના મકાનવાળી શેરી તો સાવ સૂની થઇ ગઈ છે.'

'શું કરું ભાઈ? મને એ મકાન ઉપર બહુ માયા છે. અને સદાકાળ બીજાના—ભાડૂતી મકાનમાં રહેતાં બહુ મુશ્કેલી વેઠવી પડે છે. એથી જ નક્કી કર્યું હતું કે એક મકાન બંધાવીશ. નાનપણથી જ જીવતર આ ગામમાં ગાળ્યું છે, એટલે અહીં કરતાં બીજે ક્યાં યે વધુ ગમતું નથી. સદા યે વિચારતો રહ્યો છું કે રીટાયર થયા પછી અહીં જ બાકીનું જીવન ગાળીશ. એક છાપરું તો જોઇએ ને? ભલેને અત્યારે છૈયાંછોકરાંને લઇ ભાડાનાં મકાનો બદલતાં ફરીએ, પરન્તુ પછી? પછી ક્યાં રહેશું? એથી જ ક્યારેકક્યારેક જલાહાર કરીને પણ આખી જિંદગીમાં થોડુંથોડું કરીને બચાવી આ મકાન બંધાવ્યું છે. છતાં એ લોકો તો કોઈ આવ્યાં નહિ, એટલે હું એકલો જ રહું છું અહીં. ને ન રહું તો મકાન પણ ન ટકે ને? ને ક્યારેક નહિ ને ક્યારેક તો છોકરાંઓ સૌને અહીં આવીને જ વસવું પડશે ને? કલકત્તાનાં ભાડુતી ઘરો બદલતાં સદાકાળ તો ત્યાં નહિ રહે ને?'

ત્યાર બાદ ઘેર આવીને મંગળમામાની બીજી બધી વાત પણ જાણી કે સ્ત્રી-બાળકો ને એમની વચ્ચે આ મકાનને અંગે જ મતભેદ જાગ્યો છે. છોકરાઓ બાપને મદદ પણ નથી કરતા. મંગળમામાએ ગામમાં મોદીખાનાની એક નાનકડી દુકાન માંડી હતી, પણ વસતિ ન હોય ત્યાં માલ લેવા જ કોણ આવે? જે બેએક ગ્રાહક મળ્યા હતા એમણે ઉધાર લઈલઇને દુકાન ઉઠાડી દીધી. હવે મંગળમામા આ ગામ—પેલે ગામ ભમતા ફરે છે ને એક ખેડૂતને ત્યાંથી બે મૂઠી ચોખા તો કોઇને ત્યાંથી ચારપાંચ રીંગણાં એમ માગીતાગીને ઘેર આવી ચૂલા પર ભાતની હાંડલી ચડાવે છે ને બે ટંક જેમતેમ પેટનો ખાડો પૂરે છે.

ત્યારબાદ ધીરેધીરે થોડાંક વર્ષ વીતી ગયાં. હું યે બી.એ. પસાર કરીને નોકરીમાં પ્રવેશ્યો. મોસાળ હવે નથી જતો, કેમકે એ ગામ હવે જવા જેવું નથી રહ્યું. મામાની શેરીવાળા ગાંગુલી, રાય, ભટ વગેરે કુટુંબોમાંથી કેટલાક મરી પરવાર્યાં છે ને બાકીના પરદેશ નોકરી ઉપર ચાલ્યા ગયા છે. મૅલેરિયાની બીકે ગામની હદમાં કોઈ પ્રવેશતું નથી. પેલી શેરીવાળા જીવન મજુમદારનું બે માળનું વિશાળ મકાન ભાંગીને જમીનદોસ્ત થઈ ગયું છે. ફક્ત એક બાજુ બે માળ સુધીની ઊંચી દીવાલ ઊભી છે. નવરાત્રિના દિવસોમાં જે મેદાનમાં અનેક ઉત્સવો માણ્યા હતા, આજે ત્યાં મોટાંમોટાં જંગલી વૃક્ષો ઊભાં છે. ધોળે દિવસે પણ વાઘ છુપાઇ રહે તો ખબર ન પડે. પેલું પ્રખ્યાત રાયસરોવર સાવ સુકાઇ ગયું છે. બંધમાં પાણી દેખાતું જ નથી. ઢોરઢાંખર એના ઉપર થઇને મઝાથી સામે પાર પહોંચી જાય છે.

સાંજ પડતાં જ ગામમાં સૂનકાર વ્યાપી જાય છે. જે બેએક ઘરવાળાઓને અર્થાભાવે નિરુપાયે બાપીકા ઘરમાં રહેવું પડતું તેઓ મૅલેરિયાથી જીર્ણ બનેલા વદને અને શીર્ણ થએલા હાથે સંધ્યા-દીપ પ્રગટાવે છે. અને સાંજ આથમે ન આથમે ત્યાં તો દીવો ઓલવી નાખી પથારીમાં પડે છે. ને પછી આખી રાત ચારે બાજુથી સાંભળતા રહે છે માત્ર મચ્છરનો ગણગણાટ ને પહોરેપહોરે શિયાળવાંની લાળી અને નિશાચારી પક્ષીઓની પાંખનો ફફડાટ....

મારા મામાઓ પણ એ ગામનું ઘર મૂકી બીજા શહેરમાં જઈ વસ્યા હતા. નાના મામાના છોકરાના અન્નપ્રાશન વખતે એકવાર ત્યાં ગયો હતો. બ્રહ્મભોજન પહેલાં થોડા વારે એક દૂબળોપાતળો વૃદ્ધ હાથમાં મેલી એવી એક પોટલી લઇ ઘરમાં પ્રવેશ્યો. ધૂળધૂળ ભર્યા ઉઘાડા પગ ને બગલમાં સાદા પણ મેલા કપડ ની લાકડાના હાથાવાળી છત્રી. હું પ્રથમ એમને ઓળખી જ ન શક્યો. પછી ઓળખ્યા કે એ તો મંગળમામા હતા! આ ગાળામાં મંગળમામા આટલા બધા વૃદ્ધ થઈ ગયા? શહેરમાં આવ્યા બાદ મારા મામાને નવા, આધુનિક વાચાળ મિત્રો સાંપડ્યા હતા. એ બધાંનો પહેરવેશ ને ઢબછબ જોઇને, અને એમની વાતોનો વિષય જોઇ જાણીને મંગળમામા જરા ભયભીત થઇ અચકાતાઅચકાતા સહુની સાથે એક શેતરંજીને છેડે ખૂણા ઉપર બેઠા. એ પણ આમંત્રિત થઇને જ આવ્યા હતા, છતાં મારા મામાઓ શહેરી મિત્રોની સરભરામાં પરોવાએલા હતા એથી મંગળમામાના આગમન તરફ કોઇએ ખાસ ધ્યાન આપ્યું હોય એમ લાગતું નહોતું.

હું જઇને મંગળમામા પાસે બેઠો. ચારે બાજુ અણએ ળખીતા ચહેરાઓની વચ્ચે મને પોતાની પાસે આવેલો જોઈ એમને ખૂબ સુખ થયું. મેં પૂછ્યું, 'તમે કલકત્તાથી આવો છો?'

'ના, ભાઇ; પાંચેક વર્ષથી રીટાયર થયો છું. ત્યારથી ગામના મકાનમાં જ રહું છું. છોકરાઓ કોઈ ત્યાં આવવા માગતા નથી.'

અન્નપ્રાશનનો પ્રસંગ પૂરો થઈ ગયો, છતાં મંગળમામા મારા મામાને ત્યાંથી વિદાય લેવા નહોતા ઇચ્છતા. ચારપાંચ દિવસ પછી થોડા ચોખા-દાળ અને વાસી સંદેશ-રસગુલ્લાં લઇ એ એમને ગામ જવા નીકળ્યા. મેં એમના તરફ જોયું, તો એમના પગમાં મારા મામાનાં જૂનાં સપાટ હતાં. મને તે તરફ નજર કરતો જોઇને બોલ્યા: 'નવીન કટકથી નવાં સપાટ લાવ્યો છે. એનાં ઊતરેલાં સપાટ જોઇને બહુ મન થયું. ઉંમર થઈ છે; ક્યારે મરી જઈશ એ કોણ જાણે છે? એટલે નવીનને કહ્યું કે લાવ ભાઈ, તારાં ઊતરેલાં છે તો યે મારે હજુ બેત્રણ મહિના ચાલશે. ઘેર એક જોડ છે, પણ પગમાં ડંખે છે એથી ઉઘાડે પગે જ....'

એ ઘરની બહાર નીકળી ગયા. હું ધારીધારીને જોતો હતો કે દૂબળાપાતળા ને વયોવૃદ્ધ મંગળમામા ચોખાદાળને ભારે આગળથી

જરાક ઝૂકીને, સપાટનો ફટફટાટ કરતાકરતા સ્ટેશનને માર્ગે આગળ વધી રહ્યા છે. એકાએક તેમના ઉપરના મારા બાળમાનસનો રહસ્યમય સ્નેહ ને અનુકંપાભર્યો સહાનુભૂતિભાવ કેટલા યે સમય પછી ફરી પાછો મારા મન પર સવાર થઇ ગયો અને હું બૂમ પાડી ઊઠ્યો કે 'જરા ઊભા રહેજો, મામા! હું આવું છું તમને વળાવવા.

એ ઊભા રહ્યા. મેં દોડીને જઇને એમની પોટલી ઉપાડી લીધી ને અમે ચાલ્યા. સ્ટેશન આવ્યું ને એમનાં ગામની ટિકિટ કઢાવી મેં એમને ગાડીમાં બેસાડી દીધા. ટ્રેન ઊપડવા ટાણે જરા હસીને એ બોલ્યા, 'આવી જાને ભાઈ, એક દિ મારૂં મકાન તો જોઈ જા. બહુ સરસ બનાવ્યું છે. માત્ર વંડી હજુ યે બાકી છે. પણ શું કરૂં? હમણાં તો મારા હાથમાં કંઇ છે નહિ. છોકરાં બીચારાં પોતાનો ખર્ચ પણ ઉપાડી શકતાં નથી બેશક એમને માટે જ આ બધું સંભાળું છું. પ્રયત્નમાં છું, સામે વરસે જો ....'

ત્યાર બાદ ફરી એમનાં મળવાનું નથી બન્યું. પણ એ પછી થોડાક મહીને એમનો મોટો પુત્ર હરિસાધન કલકત્તામાં જ એક વાર રસ્તે જતાં મળી ગયો. એ મૅકમિલન કંપનીમાં કામ કરે છે. જીનનો કોટ, હાથમાં ચોપડી જેવો ખાવાનાનો ડબરો. મોંમાં એક ગલોફામાં પાન, એમ બાકુબજારના ફુટપાથ પરથી દસ વાગ્યાના સુમારે પસાર થતો હતો, કંપનીમાં જતો હતો. એને સાદ પાડી ઊભો રાખી મેં જ મંગળમામાના ખબર પૂછ્યા. અને એણે કહ્યું:

'બાપા દેશના મકાને જ છે. અમે કહીએ છીએ કે અહીં આવીને અમારી સૌની સાથે રહો, પણ એ માનતા જ નથી. બુદ્ધિ તો બાપામાં મૂળથી જ નહિ; નહિ તો જિંદગી આખીની કમાણી એ જંગલના મકાનમાં હોમી ન દેત. એમ ન કર્યું હોત તો આજે ચારપાંચ હજાર રૂપિયા તો નક્કી ભેગા થયા હોત. અને એ ગામમાં જશે પણ કોણ? રામરામ કરો! જેવું જંગલ એવો જ મૅલેરિયા વળી વસતિ નહિ. માંદા પડીએ તો દાક્તર નહિ. ચારપાંચ હજાર રૂપિયા ખર્ચાઈ ગયા એ મકાન પાછળ. વેચવા જઇએ તો અત્યારે પત્થર ને લાકડાંને ભાવે ય કોઇ લેશે ખરૂં? કોણ લે? કોઈ ગાંડું હોય તો...'

મેં કહ્યું, 'તમારી વાત સાચી છે. પણ વિચારી જુઓ. તમારા પિતાએ મકાન ચણાવવું શરૂ કર્યું ત્યારે ગામ ભર્યુંભાદર્યું ઝાકમઝોળ—જાજ્વલ્યમાન હતું. મકાન તૈયાર કરતાં એટલો વિલંબ થઈ ગયો કે એ દરમ્યાન ગામ સ્મશાનવત્ થઇ ગયું. લોકો ત્યાંથી ઊપડીઊપડીને ચાલ્યા જવા લાગ્યા ને એ જ સમયે તમારા મકાનનું બાંધકામ પૂરૂં થયું. કોને દોષ દઈશું?'

તે પછી ઘણા સમય સુધી મંગળમામાના કંઇ જ સમાચાર ન મળ્યા. ત્રણેક વર્ષ પહેલાં વચેટ મામા હવાફેર માટે દેવઘર ગયા હતા. નવરાત્રિની રજાઓમાં હું પણ ત્યાં ગયો હતો. ત્યાં સાંભળ્યું કે મંગળમામા એ શ્રાવણમાં જ ગુજરી ગયા. માંદા પડીને કેટલાક દિવસ પોતાના મકાનમાં જ પડ્યા રહેલા. કોઇએ એમની ખાસ સારસંભાળ નહોતી લીધી. ને લેનારૂં યે એ ઉજ્જડ ગામમાં કોણ હતું? એ સ્થિતિમાં ઘરમાં રહ્યેરહ્યે જ એ ગુજરી ગયા. બેત્રણ દિવસ બાદ ગામલોકને ખબર પડી ત્યારે છોકરાઓને તાર કરવામાં આવેલો. અહીં જ એમનો—મંગળમામાનો અંત આવે છે.

એ પછી કદી યે હું મોસાળને એ ગામ ગયો નથી ને એ મકાન પણ જોયું નથી. છતાં સમજણો થયો ત્યારથી જ જે મકાન હું ચણાતું જોતો આવ્યો છું એણે મારા મનમાં એક અદ્ભુત સ્થાન જમાવી દીધું છે મારી કલ્પનામાં, દેશના મોસાળના ગામના એક નાના એવા વનની વચ્ચે, શિયાળાની સાંજે મંગળમામાનું એ મકાન એક કાયાવિહીન, અર્થવિહીન, ઉદ્દેશ્યવિહીન રૂપ ધરીને અવારનવાર આવી ઊભે છે. વૃક્ષભરપૂર એ આંગણામાં જવાનો રાહ વનઢાંક્યો છે. બારીબારણાંમાં કમાડ નથી. પણ એનાં ચોકઠાં ચણાઇ ચૂક્યાં છે.

મારા જીવન સાથે મંગળમામાના એ મકાનનો આવો સંબંધ કઇ રીતે પરિણમ્યો એ વિચારૂં છું ત્યારે આજે પણ હું આશ્ચર્ય પામું છું. મારી આ વાતનું મૂળ પણ એ જ છે કે આવી એક સાવ સામાન્ય વસ્તુ શા માટે મારા મનમાં આવી રીતે જડાઈ ગઈ હશે? અને કેટકેટલા મોટા બનાવો મનને જરા યે સ્પર્શ્યા વિના કેમ સાવ જ ભુસાઈ ગયા હશે?

ખાસ કરીને શિયાળાની સાંજે તો આ બધું મને એટલા માટે યાદ આવે છે કે પાંચ વર્ષની ઉંમરે આવા શિયાળાની એક સાંજે જ મેં પહેલવહેલું એ મકાન જોયું હતું.'

અવિનાશબાબુનો વિદ્યાર્થી ગમગ્રા લઇને આવી ગયો હતો.

રમણિક મેઘાણી

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો ૯૪મા પાને છાપ્યા છે; પણ તે જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે કેટલા ઉત્તર શોધી કાઢો છો તે જુઓ.

(૧) એક માણસે પોતાના વિલમાં નીચે પ્રમાણે મિલ્કત વહેંચી હતી: 'મારા સૌથી મોટા છોકરાને ૧૦૦૦ રૂપિયા, અને કુલ રકમમાંથી એ હજાર બાદ જતાં બાકી રહે તેનો ૧/૭ ભાગ મળે; તે પછી રહેતી રકમમાંથી બીજા છોકરાને ૨૦૦૦ રૂપિયા, અને પછી જે વધે તેનો ૧/૭ ભાગ; ત્યાર બાદ વધેલી રકમમાંથી ત્રીજા છોકરાને ૩૦૦૦ રૂપિયા અને વધે તેનો ૧/૭ ભાગ; આ ક્રમમાં બધા છોકરાને આપવાની હતી; અને પરિણામે બધા છોકરાને સરખી જ રકમ મળી રહી તો તેને કેટલા છોકરા હતા, ને મિલ્કતની કુલ રકમ કેટલી હતી?

(૨) એક બંગલાના માળીએ મને કહ્યું કે ફુલછોડ ઉગાડવા માટે જમીનનો એક એવા ઘાટનો ટુકડો મેં બનાવ્યો છે કે તેની દરેક બાજુ સરખી છે અને દરેક બાજુ પોતાની જોડેની બાજુને બરોબર કાટખૂણે છે. આ સાંભળી મેં કહ્યું: 'ત્યારે તો તે ટુકડો ચોરસ જ છે એમ કહોને!' માળી બોલ્યો: 'ના, જી. એ ટુકડાને ૧૨ બાજુઓ છે અને તેની બારે બાજુઓની લંબાઇના ફૂટનો સરવાળો તે ટુકડાના કુલ ચોરસફૂટ જેટલો થાય છે.' તો એ ટુકડાની દરેક બાજુની લંબાઇ કેટલી હશે અને તેની આકૃતિ કેવી હશે?

(૩) અમારા ગામના દરબારે ચોરામાં નીચેની ગપ મારી સૌને દંગ કરી દીધા હતા. એ વાતમાં શું ખોટું છે અને ભૂલ ક્યાં છે તે શોધી કાઢો. એણે કહેલું: 'એક વાર મારે ત્યાં અગિયાર મહેમાન આવ્યા, ને ઉતારામાં દસ જ પથારીની સગવડ હતી પણ મેં તરકીબથી બધાને સૂવા માટે એકેક પથારીની જોગવાઈ કરી દીધી. પહેલાં, પહેલી પથારીમાં બે જણને સુવડાવી કહ્યું કે હમણાં તમારામાંના એકને માટે જુદી પથારીની સગવડ કરી આપું છું. આમ કહી ત્રીજા જણને બીજી પથારીમાં, ચોથાને ત્રીજી પથારીમાં, એમ ઉત્તરોત્તર દસમાને નવમી પથારીમાં સુવાડી બાકી વધેલી દસમી પથારીમાં પેલા પહેલી પથારી પર સૂતેલા અગિયારમા જણને સુવાડી બધાને માટે અલગ પથારીની સગવડ કરી દીધી.'

(૪) પૌંડ, શિલિંગ અને પેન્સ માટે વપરાતી સંજ્ઞા £.s.d.નો શો અર્થ છે? (૫) ભીંત-ઘડિયાળને ઉતાવળી ચલાવવી હોય તો શું કરવું? (૬) કોના દાંત વધારે હોય છે? માણસના કે કૂતરાના? (૭) બ્રિટિશ પ્રધાનમંડળમાં સૌથી વધારે પગાર કોને મળતો હશે?

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો—— લેખક

[૧૭]

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

મા જેમ ધીમેધીમે પોતાના બાળકને ચાલતાં શીખવે છે તેમ જ્ઞાન ને વિકાસક્રમમાં, ઈશ્વરે જાણે મને એક પછી એક પગથીએ ધીમેધીમે ઊંચે લીધો હોય એમ આખા જીવન દરમિયાન મેં અનુભવ્યું છે.

ટેકરા પછી ડુંગર, ડુંગર પછી પહાડ અને પહાડ પછી એણે મને પહાડોના રાજા હિમાલયનાં દર્શન કરાવ્યાં. હરદ્વાર છોડીને મસૂરી પહોંચતાં પહેલાં, શિવાલિક પર્વતોની હારો ને ગિરિપ્રદેશનું સૌંદર્ય મનને સ્ફૂર્તિ આપતું હતું. મોટાં વૃક્ષો, આંબા, કેળો, સાગ, ચમરી ને દ્રાક્ષ જેવાં પીળાં ફૂલોનાં ઝુમખાંવાળા અમલતાર (ગરમાળાના ગોળનાં ઝાડ) અને ભગવાન બુદ્ધના સ્મરણથી પુનિત શાલવૃક્ષોનાં ઝુંડ ને ઝુંડ મેં દોડતી ગાડીએ જોયાં.

ઉત્તરે ભૂરાંભૂરાં ઉન્નત હિમાલય-શિખરો દેખાતાં હતાં. શિવાલિક પર્વતોમાં આપણા પૂર્વજો આર્યો અને પછી ગુર્જરો રહેતા એનું મને સ્મરણ થયું. તળેટીના રમ્ય પ્રદેશમાં અસંખ્ય નદીનાળાં અને ઝરણો વહેતાં હતાં. હવા આરોગ્યવર્ધક ને શીતળ થતી જતી હતી. અસંખ્ય નવાંનવાં પક્ષી, નવાંનવાં ફૂલો અને નવીનવી વનસ્પતિઓ જોતાં કોઇ આશ્ચર્યપૂર્ણ પ્રદેશમાં વિહરતા હોઈએ એમ લાગ્યું. હિમાલયની આ તળેટીમાંથી પસાર થતાં મહાભારત ને રામાયણનો સમય કોણ જાણે શાથી પણ સાંભરી આવતો હતો. હૃષિકેશમાં ગંગાકિનારે સંન્યાસીઓની પર્ણકુટિઓ જોઈ હતી અને લછમન ઝોલામાં રામથી છુટા પડેલા એકલવાયા લક્ષ્મણનું મંદિર જોયું હતું. પાંડવો હિમાલય ગાળવા આ રસ્તે તો નહિ ગયા હોય, એમ થઇ આવતું.

હિન્દુમાત્રની એક આકાંક્ષા જિંદગીમાં એકવાર ગંગાજી અને હિમાલયનાં દર્શન કરવાની હોય છે. ગંગાજીનાં દર્શનની મારી આકાંક્ષા તો વિદ્યાર્થી અવસ્થા પૂરી થઇ કે તરત ફળી હતી. ૩૦ વર્ષની ઉંમરે આબુ જોયો ત્યારે ત્યાં સુધીમાં જોએલાં બધાં સ્થળોનાં સૌન્દર્ય તેની આગળ તુચ્છ લાગ્યાં હતાં. પણ હિમાલય આગળ તો આબુ છેક રાંક લાગવા માંડ્યો. હિમાલયની એકએક ટેકરીમાં જાણે આખો આબુ સમાઇ જતો લાગ્યો, અને જે આબુ લીલોતરીથી તર લાગતો હતો તે હિમાલય આગળ સુક્કો માલૂમ પડ્યો.

દેહરાદૂન અતીવ સુંદર લાગ્યું. તેહરીનો લીલો પ્રદેશ ઉત્તર દિશાને ભરી દેતો હતો.

અમારાં ઘોડાં પહાડી માર્ગો પર ધીમે ધીમે આગળ વધતાં હતાં, ને જેમજેમ અમે ઊંચે ચડતા હતા તેમતેમ પક્ષીઓ બદલાતાં હતાં. વૃક્ષો પણ બદલાતાં હતાં અને દૃશ્યપ્રદેશ વધુ ને વધુ મનોહારી થતો જતો હતો. ખુદ પાર્વતીએ વાવેલાં કહેવાતાં અને એમને અતિશય વહાલાં એવાં દેવદારુ વૃક્ષો જોયાં ત્યારે તો મનનો આનંદ ઉભરાઈ જવા લાગ્યો. પહેલો દરિયો જોતાં જેવો આનંદ થયો હતો તેવી જ જાતનો આનંદ દેવદારુનાં આ વૃક્ષો પહેલી વાર જોયાં ત્યારે થયો. પછી તો અમે જે બંગલામાં રહ્યા ત્યાં અને તેની પાસે તો દેવદારુની ઘટાઓ અને કુંજોની છત્રછાયા મળી.

મસૂરી શાન્ત, વિશાળ, લીલુંછમ, એકાન્ત અને ભવ્ય છે. એક સવારે અતિશય ઠંડી છતાં હું વહેલો ઊઠ્યો અને હિમશિખરોનાં દર્શન કરવા સૂર્યોદય પહેલાં એક ઊંચી જગ્યાએ ચડીને બેઠો. ક્ષણેક્ષણે રંગો બદલાતા હતા. એક સુન્દર દૃશ્ય હજી પૂરૂં જોયું યે ન હોય ત્યાં બીજું આવે, અને એ જોતા હોઇએ ત્યાં ત્રીજું હાજર થાય! એમ ગુલાબી, જાંબુડિયાં, રૂપેરી, સોનેરી, ભૂરાં-સુનેરી, લાલ, નારંગી,—મેઘધનુષ્યના સર્વ રંગોમાં એ બરફનાં શિખરો રંગાઈ ગયાં. એ પ્રથમ દર્શનના રંગો તો મારા મનમાં એવા પાકા ભરાઈ ગયા છે કે બહુ વર્ષો થયા છતાં હજી પણ એ એવા ને એવા જ છે. હિમાલયને મેં એ ટેકરી પર બેસીને પ્રણામ કર્યાં. ખુદ સુંદર અને મંગલકારી શિવને એની પાછળ રહેલા મેં પ્રીછ્યા ને એ આખું સ્થળ ભગવાનના સૌન્દર્ય અને કલ્યાણથી છવાઈ ગયું.

સવારે બપોરે, સાંજે, અંધારી રાત્રિઓમાં ને શુક્લપક્ષની ચાંદનીમાં એમ વિવિધ સમયે નગાધિરાજ હિમાલયના સૌન્દર્યનું મેં મસૂરીમાં આકંઠ પાન કર્યું. જીવનનાં કલેશ ને દુઃખ એણે ઓગાળી નાખ્યાં. ઇશ્વર તો ત્યાં હાજરાહજૂર લાગતો હતો.

મીઠાં પક્ષીઓ તો ત્યાં આખો દિવસ બોલતાં. ગિરિકોકિલના બુલંદ ટૌકા, પહાડી કાગડાઓ (રૂક)ના ગળામાંથી નીકળતા પહોળા અવાજ, દેવચકલીઓની તીણી સીસોટીઓ અને બુલબુલના મધુર સરોદ સદોદિત સંભળાયા જ કરતા. તમરાં તો રાત ઉપરાંત આખો દિવસ પણ બોલતાં. અને પાણી પર હોય છે એવી લીલ ઝાડોનાં થડ થડે, લીલી મખમલ મઢી હોત એમ બહેકી રહેતી.

લાયબ્રેરી પાસે દર રવિ અને બુધવારે લશ્કરી બૅન્ડ વાગતું. ત્યાં હિંદુસ્તાનના વિવિધ ભાગોમાંથી આવેલાં સુખી સ્ત્રીપુરુષો અને કલ્લોલતાં બાળકો જોવા મળતાં અને દરરોજ જાણે કોઈ મેળો હોય એવું લાગતું.

હું દૂરની એકાદ પાટલી પર એકલો બેસીને એ રંગદૃશ્યોને જોતો અને પહાડો ને ખીણોમાં પ્રસરી જતાં એ બૅન્ડનાં મધુર ગીતો સાંભળતો. વીર, કરુણ, સુખદ ને ભયાનક રસો એમાં ઊછળત ને હૃદયના ઊંડા મર્મને સ્પર્શી જતા ઝણણણણણ કરતી ઝાંઝની ચીસ છેલ્લી પ્રસરતી અને ખીણોના દૂરદૂરના ભાગોનાં ઘાસ, વૃક્ષો અને ફૂલો ધ્રૂજી જતાં.


મસૂરીના ધોધોમાં અમે વખતોવખત નહાયા છીએ. એમાં સૌથી સરસ તો કામ્ટી ધોધ હતો. ૧૯૨૧થી આજ સુધીમાં ચાર વખત હું મસૂરી ગયો છું. ત્યાં સ્વ અબ્બાસ સાહેબ, મદનમોહન માલવીયજી વગેરેના સત્સંગનો લાભ લીધો છે અને ચાંદનીમાં કે સંધ્યાના અલૌકિક રંગોમાં સંગીતશાસ્ત્રી વ્યાસે દિલરૂબા સાથે ભગવાનની અને કુદરતની સ્તુતિનાં સુંદર ગીતો સંભળાવ્યાં છે.

હિમાલયના એ કટિપ્રદેશમાં સુપ્રિસૌંદર્યની એવી બલિહારી છે કે શિવ અને પાર્વતી અર્ધનારીશ્વર રૂપે જાણે ત્યાં ફર્યાં જ કરે છે અને ફરતાંફરતાં એ આપણા હૃદયમંદિરમાં પણ પધારે છે અને ત્યાં અદૃશ્ય થઈ જાય છે!

(ચાલુ)

કસોટીના ઉત્તરો

(૧) ૭ છોકરા અને ૪૯,૦૦૦ રૂપિયા;



(૨) આકૃતિ, બાજુમાં દર્શાવ્યા મુજબ, અને દરેક બાજુની લંબાઈ ૨.૪ ફુટ. (૩) ૧૧ જણ માટે સગવડ થઈ જ નહોતી. ૯મી પથારીમાં ૧૦માને સુવાડ્યા પછી ૧૦મી પથારીમાં જેને સુવાડ્યો તે બીજા નંબરનો મહેમાન. તેથી ખરા બાકી રહેલા ૧૧મા માટે પથારી થઈ જ ન હતી. (૪) એ પૌંડ શિલિંગ અને પેન્સને માટેના લૅટિન શબ્દો Libre, Solidi અને Denariiના પ્રથમાક્ષરો છે. (૫) તેના લોલકનું વજન જરા ઊંચું કરવું; એ માટે તેની નીચે ફેરવવાની ચકરી હોય છે. (૬) કૂતરાંને. માણસને ડર હોય છે જ્યારે કૂતરાને ૪ર. (૭) લૉર્ડ ચૅન્સેલરને વડા પ્રધાનને નહિ.



મધુકરી

પ્રભો હે, પોઢણાં પૂરાં તમારાં શું થયાં છે ના?
અગર જો હોય આ લાખો અમારાં પાપની શિક્ષા;
અમારા કંઠ સૂકાયા પુકારી પૂર્વની ગાથા,
ધરા લીલી રસાળી તો'ય છોરાં આગને ખોળે;
છતે પૌરુષ, માની જંજીરોનાં રોદણાં રોવાં!
કરોડોને શિરે તો નાગનું યે છાપરૂં છે ના,
અનાથોની હજી શું હાયથી હૈયું નથી દાઝ્યું?

યુગોનાં ઓઢણાં ઘેરાં હજી ફંગોટવાં છે ના?
સપાટે એક શાને ના દિયો મૃત્યુ તણી ભિક્ષા?
ઘડી બે શ્વાસ લેવાને ય આજે કો નથી સાજા!
હજારો ભૂંગળાં, તોયે કરોડો રાખને ચોળે.
અને બે ટંક માટે પારકે પાદર હયાં ખોવાં!
તુમાખી બોલ-જૂતાં-લાતની સીમા હજી યે ના!
તમારું શું હજી વૈકુંઠ પોકારે નથી ગાજ્યું?

—હસિત બુચ

સ્વ. ગણેશ દામોદર (બાબાસાહેબ) સાવરકર

હિંદી ક્રાન્તિકારીઓના એક વેળાના અગ્રણી શ્રી ગણેશ દામોદર (ઉર્ફે બાબારાવ) સાવરકર ગયા માર્ચ માસની ૧૬મી તારીખે સાંગલી મુકામે અવસાન પામ્યા. ગયું આખું યે વર્ષ જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાઈ રહેલા એ કર્મવીરને પોતાના મૃત્યુની આગાહી થઈ ચૂકેલી અને થોડા જ સમય પહેલાં સાંગલીના 'વિક્રમ' પત્રમાં પોતાના સ્નેહીમિત્રો પાસેથી એમણે જાહેર વિદાય માગી લીધેલી.

નિઃસ્વાર્થ સેવા, આત્મભોગ અને કષ્ટસહનમાં જ જીવનનો આનંદ માણી જનાર સ્વ. બાબાસાહેબનું જીવન શરૂઆતથી જ એ રીતે ઘડાયું હતું. નાની વયે જ માતાપિતા ઉભયનું અવસાન થતાં કુટુંબની સઘળી જવાબદારી એમના પર આવી પડેલી. આને પરિણામે એ પોતાનું મનોવાંછિત શિક્ષણ પણ પ્રાપ્ત કરી શક્યા નહોતા. પોતાના નાના ભાઈઓને સંસારાગ્નિની સહેજ પણ આંચ લાગવા દીધા વિના પોતાની એ જવાબદારી એમણે વેઠી લીધી. આ કપરી જવાબદારી છતાં એ ન તો કૌટુમ્બિક કર્તવ્યથી પરાઙ્મુખ બન્યા, ન દેશસેવાથી. પોતાના નાના ભાઈઓનાં સુખ ખાતર જેમ પોતાની સઘળી મહત્ત્વાકાંક્ષાઓ એમણે દબાવી દીધી, એ જ રીતે દેશના સુખ ખાતર પોતાની વૈરાગ્યવૃત્તિને પણ દબાવી દીધેલી. પ્રથમ દેવ કે પ્રથમ દેશ, એ પ્રશ્ન વર્ષો પર્યંત એમના ચિત્તમાં ઘોળાતો રહેલો અને લાંબા મંથન પછી છેવટે તેમણે આ પ્રતિજ્ઞા કરી કે, 'પરમેશ્વર, પૂજ્ય પૂર્વજો અને શ્રી શિવરાયની દિવ્ય સ્મૃતિને સ્મરીને હું પ્રતિજ્ઞા કરૂં છું કે, રાષ્ટ્રસ્વાતંત્ર્ય અર્થે હું તનમનધનપૂર્વક યથાશક્તિ અને યથામતિ આજન્મ દૃઢ પ્રયત્ન આદરીશ.' અને આ પ્રતિજ્ઞાને બાબાસાહેબ જીવનાંત સુધી વળગી રહેલા. એક વાર એ રાષ્ટ્રકંકણ હાથે બાંધ્યા પછી પોતાના અંગીકૃત કર્તવ્યમાંથી એ સહેજ પણ વિચલિત નહોતા થયા.

સ્વ. બાબાસાહેબ સાવરકરનો જન્મ ઈ. સ. ૧૮૭૯ના જૂનની ૧૩મીએ નાશિક જિલ્લાના ભાગુર નામક ગામમાં થએલો. એ વખતે મહારાષ્ટ્ર લોકમાન્યના નેતૃત્વ હેઠળ હતું પરંતુ એ કાળે બંધારણીય સ્વરાજ એ જ હિંદુસ્તાનનું ધ્યેય રહેલું હોઇને બાબાસાહેબ એ ધ્યેયથી અસંતુષ્ટ બની ગએલા. પરિણામે હિંદની પહેલી ક્રાન્તિકારી સંસ્થા 'અભિનવ ભારત'માં એ જોડાયા. એ સંસ્થાનું ધ્યેય હતું હિંદ માટે સંપૂર્ણ સ્વાતંત્ર્યનું, અને એ સ્વાતંત્ર્ય શસ્ત્રાસ્ત્રો દ્વારા પ્રાપ્ત કરવાનું. ઠેઠ ૧૯૦૫ના કાળમાં અનેક સ્ફૂર્તિમાન તરુણોએ એ સ્વાતંત્ર્યસંઘમાં જોડાઇને 'સ્વાતંત્ર્યલક્ષ્મી કી જય'નું ઘોષસૂત્ર અપનાવેલું.

સરકારી પ્રતિબંધ છતાં બાબાસાહેબે ઈ. સ. ૧૯૦૫માં એક જંગી સરઘસ કાઢીને 'વંદેમાતરમ્' તથા 'સ્વાતંત્ર્યલક્ષ્મી કી જય'નો નાદ ગજાવ્યો અને તેમને દંડની સજા થઇ. આ સજાની સામે હાઈકોર્ટ સુધી લડીને ઈ. સ. ૧૯૦૬માં દંડની રકમ એમણે પાછી મેળવી. પરંતુ એમની જેલપરંપરા હવે શરૂ થઇ ચૂકી હતી. ૧૯૦૮માં તેમને એક મહિનાની સખ્ત કેદની સજા થઇ. ૧૯૦૯માં પ્રસિદ્ધ નાશિક ખટલામાં એ ઝડપાયા. સ્વામી વિવેકાનંદના માયાવતી આશ્રમમાં જઈ રહેવાનું માંડી વાળીને રાષ્ટ્રસેવાની અગ્નિદીક્ષા સ્વીકારનાર બાબાસાહેબ નાશિકના યુવક-સંગઠનના નેતા બન્યા હોઇને સરકારની વક્રદૃષ્ટિના તો ભોગ બની ચૂક્યા હતા. એ યુવકો તરફથી ચાલતી 'અભિનવ ભારતમાલા'માં બાબાસાહેબની કેટલીક કવિતાઓ પ્રસિદ્ધ થઈ. સરકારને એ કવિતાઓમાં સશસ્ત્ર બળવા માટેની ઉત્તેજના જણાઇ. વળી એ જ અરસામાં ઈંગ્લંડમાં અભ્યાસ કરી રહેલા એમના લઘુબંધુ વિનાયક સાવરકર હિંદી ક્રાન્તિમાં સહાયક થવાને માટે હિંદમાં શસ્ત્રાસ્ત્રો મોકલી રહ્યા હોવાના સમાચાર પણ પોલિસને મળેલા. આથી પોલીસે બાબાસાહેબના ઘરની જડતી લીધી. પરંતુ જડતીમાં કશું હાથ ન આ-



વતાં છેવટે પેલાં કાવ્યો બદલ તકસીરવાર ઠરાવીને ઇ.સ. ૧૯૦૯ના ફેબ્રુઆરીમાં કલમ ૧૨૧ તથા ૧૨૧અ નીચે એમની સઘળી મિલકત જપ્ત કરીને કાળા પાણીની સજા એમને ફરમાવી દીધી. અહીં એ યાદ રાખવાનું છે કે ૧૨૧મી કલમ નીચે સજા પામનાર તેઓ પહેલા જ ક્રાન્તિકાર હતા.

આખું મહારાષ્ટ્ર આ સજાથી ખળભળી ઊઠયું. ચોમેર રોષ ભભૂકી ઊઠયો અને બાબાસાહેબની સજાનું વેર લેવા માટે કન્હેર નામના યુવાને નાશિકના જિલ્લા મેજિસ્ટ્રેટને ગોળીથી વીંધી નાખ્યો.

બાબાસાહેબને સજા થયા પછી બે જ વર્ષ રહીને શ્રી વિનાયક સાવરકર પણ એ જ સજા સાથે આંદામાન પહોંચ્યા. કાળા પાણીની આ કઠોર સજા દરમિયાન આ બંધુ જોડલીએ વેઠેલાં શારીરિક અને માનસિક કષ્ટોની પુનરુક્તિ કરવાની કશી જરૂર નથી. શ્રી વિનાયક સાવરકરે પોતાની આત્મકથા 'મારી જન્મટીપ'માં તેનો હૂબહૂ ખ્યાલ આપ્યો છે. ચૌદ વર્ષના એ કારાવાસ પછી એ બંધુઓ મુક્ત થયા ત્યારે એમની તબિયત સાવ લથડી ગએલી અને બાબાસાહેબ તો મરણાસન્ન બની ગએલા. ત્યારથી માંડીને એમના અવસાન પર્યંત બાબાસાહેબે પોતાનું પહેલાંનું સ્વાસ્થ્ય કદી પ્રાપ્ત ન કર્યું.

સ્વ. બાબાસાહેબ પ્રથમથી જ કૅાંગ્રેસ સાથે જોડાએલા હતા, પરંતુ હિંદુ સમાજની જીર્ણાવસ્થા જોઇને પાછળથી હિંદુ મહાસભાના સંગઠન પાછળ એમણે લક્ષ આપવા માંડેલું. સમાજની સઘળી વ્યક્તિઓની શક્તિ સમાજહિતાર્થે યોજવી જોઇએ અને ઉન્નત હિંદુ સમાજની શક્તિ જ હિંદના પારતંત્ર્યનું વિમોચન સાધી શકશે એવો એમને દૃઢ વિશ્વાસ હતો. આ માટે એમણે 'શ્રદ્ધાનંદ' નામનું સાપ્તાહિક પણ ચલાવેલું. વીર વૈરાગી, શિવાજી વગેરેનાં ચરિત્રો, નેપાળના આંદોલનનો ઇતિહાસ આદિ પુસ્તકો તથા છૂટક કાવ્યો, લેખો વગેરે એમણે લખ્યાં છે, પણ એમનો સૌથી ચિંતનીય ગ્રંથ 'રાષ્ટ્રમીમાંસા' છે. એમાં એમણે રાષ્ટ્ર શબ્દની ઉત્પત્તિથી માંડીને ભવિષ્યનું હિંદુ રાષ્ટ્ર કેવું હોવું જોઇએ તેનું વિશદ દર્શન કરાવ્યું છે. અહીં એ યાદ રાખવાનું છે કે 'હિન્દુ' શબ્દની એમની વ્યાખ્યા 'હિન્દી સંસ્કૃતિ પ્રત્યે સાત્ત્વિકભાવ ધરાવનારા હિંદના સઘળા જ રહેવાસીઓ' એ હતી.

સંભવ છે કે તેમના ઉત્તરજીવનની આ પ્રવૃત્તિ સાથે કોઇને સહમત બનવું મુશ્કેલ જણાય. પરંતુ તેમની દેશભક્તિ, દેશને ખાતર સર્વસ્વનો એમણે કરેલો ત્યાગ, તથા તે બદલ આજીવન સહેલી યાતનાઓ સામે તો ગમે તેવો મતભેદ ધરાવનાર પણ મસ્તક નમાવ્યા વિના નહિ રહે.

—અશોક હર્ષ.

બનાવટી કિવનાઈનની શોધ

દુનિયાભરના કિવનાઈનના જથ્થાના ૯૫ ટકા ઉત્પન્ન કરતા ડચ ઈસ્ટ-ઈન્ડીઝ ટાપુઓ જાપાનીઓના હાથમાં જઇ પડતાં કિવનાઇનની તંગીનો પ્રશ્ન મિત્રરાજ્યો સામે ગંભીરરીતે ઊભો થયો હતો. પણ તંગી હમેશાં નવી શોધને જન્મ આપે જ છે, અને એ રીતે બનાવટી કિવનાઈનની શોધનો યશ બે અમેરિકન ડૅાક્ટરમિત્રો ડૅા. વિલિયમ ઈ. ડોઅરિંગ અને ડૅા. રૅાબર્ટ બી. વૂડવર્ડને ફાળે જાય છે. આ નવું શોધાએલું કિવનાઈન અસલ કિવનાઈનને એટલું તો મળતું આવે છે કે તેને અસલથી જુદું પાડી પારખી કાઢવું મુશ્કેલ છે.

કિવનાઇનના ઉપયોગની મૂળ જાણ તો દક્ષિણ અમેરિકાના પેરૂવિયન ટાપુઓના આદિવાસીને (કોલંબસે ૧૪૯૨માં અમેરિકા શોધી કાઢ્યાં તે પહેલાંની) હતી. પરંતુ તે વસ્તુને કૃત્રિમરીતે બનાવવાનો પહેલો પ્રયત્ન ૧૮૫૬ સુધી થયો નહોતો. વિલિયમ હેન્રી પર્કિન નામના એક અંગ્રેજ રસાયણશાસ્ત્રીએ કોલસાનું તત્ત્વ (કાર્બન), ઉદકજનકવાયુ (હાઇડ્રોજન) અને નિર્ગુણવાયુ (નાઇટ્રોજન)ના સંમિશ્રણથી કૃત્રિમ કિવનાઇન બનાવવાનો પ્રયોગ કરેલો. એમાં જોકે તે નિષ્ફળ નીવડેલો અને તે શોધ બનાવટી રંગની શોધમાં પરિણમેલી, છતાં એ માર્ગે તે પ્રથમ પહેલ તો હતી જ. ત્યાર બાદ કિવનાઇનના અણુના બંધારણનો પરિપૂર્ણ અભ્યાસ જર્મન રસાયણશાસ્ત્રી રેઈબ અને કૅાનિગ્સે કરેલો. આ રીતે ડૅા. વૂડવર્ડ અને ડોઅરિંગની શોધ પાછળ એક સેંકાના અભ્યાસ-અખતરાઓની પૂર્વપીઠિકા તો હતી જ.

કોઇ પણ બનાવટી વસ્તુને તૈયાર કરવા માટે એ વસ્તુના અણુ (મૅાલેક્યુલ)માં આવેલા પરમાણુઓ (ઍટમ)ના બંધારણનો અભ્યાસ કરવો પડે છે. અને એ કાર્ય માટે સૂક્ષ્મમા સૂક્ષ્મ દૃષ્ટિવાળાં સૂક્ષ્મદર્શક યંત્રોની શક્તિ પણ મર્યાદિત થઈ પડે છે. એ શક્તિથી યે પર એવા કપરા કામની ઉપર વિજય મેળવવાનો હોય છે. કિવનાઈનનું જ અણુ એક ઈંચના ૦·૦૦૬ લાખમા ભાગનું હોય છે. વળી એ અણુઓનો અભ્યાસ માત્ર કર્યેથી પતી જતું નથી. એ જાતના અગર તેને મળતા આવતા બંધારણના બીજા બનાવટી અણુઓ કેમ ઉત્પન્ન કરવા તેના અખતરાઓ કરવા તો બાકી જ રહે છે.

પશુઓ અને પછી માનવીઓ ઉપર તેના ઉપયોગના સફળ અખતરાઓ થઇ રહ્યા પછી જ તેને બજારમાં મૂકી શકાશે. જોકે એને બનાવવાની પદ્ધતિ જરા અટપટી અને ખર્ચાળ છે, પણ એને સરળ અને સસ્તી બનાવવાના તો પ્રયોગો ચાલે છે. (યુ. એસ. એ.)

કિવનાઈન આપતો નવો છોડ

કિવનાઈનની તંગી પૂરી પાડવા માટે ઉપર જણાવ્યા મુજબ જેમ બનાવટી કિવનાઈનની શોધ થઈ, તેમ વનસ્પતિવેત્તાઓએ પણ સિંકોના સિવાયના બીજા છોડવાઓ તરફ કિવનાઈન માટે નજર દોડાવી. એમાં એ કેટલેક અંશે સફળ પણ થયા છે અને સિંકોનાની છાલનો કિવનાઇન આપવાનો ઇજારો પણ તૂટી ગયો છે. સાયન્સ મૅગેઝીન જણાવે છે કે રેજીમીના પેડુન્ક્યુલેટા (Regimina Pedunculata) નામના છોડની છાલમાં ૩૨ ટકા જેટલું કિવનાઇન સલ્ફેટ રહેલું છે. આ છોડ કોલમ્બીઅન ઍન્ડીઝની પૂર્વ પર્વતમાળા અને તેની તળેટીમાં પુષ્કળ પ્રમાણમાં પથરાએલા છે.

શરદી–સળેખમ

ઘણા માણસો શરદી–સળેખમથી અવારનવાર પીડાતા હોય છે. એને અંગે અનેક ઉપચારો યોજાયા છે, પરંતુ મોટા ભાગના ઉપચારો વ્યર્થ જાય છે.

નાકમાં રક્ષણનાં આઠ દ્વારો છે. એમાંથી એકાદ તૂટતાં શરદીનો આરંભ થાય છે. જંતુઓ આ દ્વારો ભેદી શકે છે. ઋતુ એને કોકવાર છિન્નભિન્ન કરી શકે છે. અનુચિત ઉપચાર નાકને નુકસાન પહોંચાડે છે.

શરદી ટાળવાનો સૌથી સફળ ઉપાય આરામનો છે. શરદીના આરંભકાળે જો પથારીમાં પડ્યા રહેવાનું તમે સ્વીકારી લ્યો તો શરદીનો વેગ એકદમ ઘટી જશે. આરામ સાથે આહારમાં પણ ફેરફાર તરત જ કરવો જોઇએ. ભારે ખોરાક બંધ કરવો જોઇએ, પેટ સાફ રાખવા માટે હરડે વગેરેનો ઉપચાર કરવો જોઇએ.

જેમને વારંવાર શરદી થતી હોય એમણે સવારસાંજ આદુનો રસ પીવો. લસણનો પણ છૂટથી ઉપયોગ કરવો. મોસંબી ને કેળાં જેવાં ફળોનો ઉપયોગ બંધ કરવો.

ઘર બહાર નીકળતાં નાક પર રૂમાલ ઢાંકી રાખવો જોઇએ. આરામ જેવા સર્વસામાન્ય ઉપચાર સાથે કોટલીનો વરાળ કે નાસ પણ શરદી ઘટાડવામાં સહાયભૂત થાય છે. —ગુજરાત સમાચાર

કેરી

હિંદુસ્તાન જેવા ગરીબ દેશના વતનીઓના ભાગ્યમાં જો કોઈ પણ ફળ પેટ ભરીને ખાવા નિર્માણ થયું હોય તો તે કેરી એક જ છે. કેરીનો રસ એટલો સ્વાદિષ્ટ છે કે તે ગમે તેટલી આપણે ખાઇએ તોય તેને ખાવાનો કંટાળો નથી આવતો.

વૃક્ષ ઉપર પાકેલી કેરીઓ (સાખ) કરતાં વૃક્ષ ઉપરથી ઉતારી ઘાસ કે પરાળમાં દાબીને પકવેલી (કૃત્રિમ પકવ) કેરી પિત્તનો નાશ કરનાર છે, કારણ કે એમાં ખટાશ અદૃશ્ય થઈ ગઈ હોય છે અને તેનું સ્થાન મધુરતાએ લીધું હોય છે. પાકી કેરીનો રસ રુચિ ઉત્પન્ન કરનાર, બલ આપનાર, વીર્યવૃદ્ધિ કરનાર, પચવામાં હલકો, શીતલ, જલદીથી પચી જાય એવો, સારક અને વાતપિત્તને હરનાર છે.

કેરી ચૂસીને જ ખાવી સારી છે પરંતુ જે કેરીમાં રેષા બહુ હોય તેવી કેરીનો રસ કાઢી, કપડા વડે તે રસને છીણી નાખી પછી જ ખાવો જોઇએ. ગાળેલો રસ બલપ્રદ, ગુરુ, વાતહર, સારક (રેચક), પુષ્ટિપ્રદ પરંતુ સહેજ કફ વધારનાર હોય છે.

કેરીના રસમાં ૧૬ ટકા જેટલું ગ્લિસરીન છે, એટલે તેની અસર સારક–રેચક છે. કેરીનો રસ એટલો મિષ્ટ છે છતાં યે તેમાં સાકરનું પ્રમાણ ઘણું જ થોડું છે. આ કારણથી કેરી મધુપ્રમેહ અને નાજલા (ગાઉટ)ના દરદીને જરૂર આપી શકાય. કેરીના રસમાં ૮૨ ટકા જેટલું પાણી, ૦ ૫ ટકા ખનીજ પદાર્થો, ૦·૮ ટકા જેટલું કર્બોદિત ૦·૨૫ ટકા જેટલો ગૅલિક ઍસિડ અને નામની જ ખાંડ છે.

કેરીના રસના પાપડ (સંસ્કૃતમાં એને **आम्रात्त** કહે છે) થાય છે. કથરોટ કે પાટિયા ઉપર થોડું ઘી ચોપડી તે પર કેરીનો રસ પાથરીને તેને સૂર્યના તાપમાં સૂકવવામાં આવે છે. સૂર્યના તાપના પ્રભાવથી આવો પાપડ પચવામાં હલકો, રુચિપ્રદ, સારક, તૃષા, ઉલટી વગેરેને હણનાર તથા વાયુ ને પિત્તને હણનાર મનાય છે.

કાચી કેરી ઉત્તમ રક્તપિત્તનાશક (Antiscobutic) છે. કેરીનાં આંબોળિયાં (**आम्रपेशिका**) ખટાશ તરીકે વાપરવાં હિતકર છે. આંબોળિયાં મળને ભેદનાર કફ અને વાતને જીતનાર છે.

એક અઁઔંસ કેરીના રસમાં ૦ ૧૯ ગ્રામ પ્રોટીન, ૦ ૦૩ ગ્રામ સ્નેહ, ૨·૩૬ ગ્રામ કર્બોદિત. ૩·૬ ગ્રામ કૅલ્શ્યમ, ૫·૧ ગ્રામ ફૉસ્ફરસ, ૧·૩૨ ગ્રામ લોહ છે. ૧ ઔંસ કેરી ૧૨ કૅલરી ઉષ્મા આપનાર છે; અર્થાત્ કેરીમાં કૅલ્શ્યમ, ફૉસ્ફરસ, લોહ અને ત્રણેય છે.


કેરીની ઘણી જાતો થાય છે, આફુસ, કલમી, પાયરી. લંગડા, મલગુબ્બા, સિંદુરિયા, રસરાજ, સરદાર વગેરે અનેક જાતો છે. જે કેરીમાં ખુશબો–ફોરમ હોય, ખૂબ સ્વાદિષ્ટ હોય, રેષા ઓછા હોય, વિપુલ ગર્ભ હોય તે કેરી ઉત્તમ સમજવી. ખટમધુરી નાની કેરીઓ આવી સ્વાસ્થ્ય માટે હિતકર નથી કેરી સારામાંની જ લેવી જોઇએ.

સારી પાકી કેરી લઈ, તેને હાથથી મસળી નાખવી. પછી એમાં એલચી, લવીંગ, આદુ, હલદર, વગેરે નાખી સહેજ વધારીને ખાવી. આનું નામ **आम्रपानकम्**. એ સારી બનાવટ છે. પંચમહાલ તરફ આને 'કેરીના ગોટલા' કહે છે.

પાકી કેરીમાં વિટામિન 'એ' સારા પ્રમાણમાં અને 'સી' ઘણા જ સારા પ્રમાણમાં હોય છે. 'એ' રોગપ્રતિકાર માટેની શક્તિ આપનાર છે અને 'સી' સ્કર્વી વગેરે રોગોનો નાશ કરનાર છે.

આમ, કેરી એક અત્યુત્તમ ખાદ્ય પદાર્થ છે. ચરક યોગ્ય જ કહે છે કે પાકી કેરી માંસ, વીર્ય અને બલ વધારનાર છે. સુશ્રુત પણ કેરીને વીર્યવર્ધક, બૃહણ (શરીરને હૃષ્ટપુષ્ટ કરનાર) અને બલપ્રદ માને છે.

—બાપાલાલ ગ. શાહ.



સિંક્રોફોન

દૃશ્ય અને શ્રાવ્ય ક્રિયા દ્વારા કેળવણી આપવાનું આ નવું યંત્ર હમણાં શોધાયું છે. એ બે ભાગનું બનેલું છે. એક ભાગમાં કાચના તકતાની એક મોટી ફ્રેમ છે, જેના ઉપર ઝડપથી બદલાતાં દૃશ્યો ફેંકાય છે; અને બીજો ભાગ એક ગ્રામોફોનનો બનેલો છે, જેના દ્વારા એ બદલાતાં દૃશ્યોનું વિવેચન ચાલુ રહે છે.

પાઠની શરૂઆત કરતી વખતે, શિક્ષક ધારે તો ગ્રામોફોનને છુટ્ટું પાડીને એકલાં ચિત્રો જ (અને તે પણ પોતાની ઈચ્છા મુજબ ચૂંટેલાં) બતાવતો જઈ, પહેલાં તો મોઢેથી જ વિષયને સમજાવી શકે છે. ને પછી સળંગરીતે આખો પાઠ ગ્રામોફોન જોડીને સંપૂર્ણ મશીનથી ફરીવાર આપી શકે છે; એટલું જ નહિ પણ જેટલી વાર જરૂર હોય તેટલી વાર ફરીફરીને પણ એ ને એ પાઠ આપી શકે છે.

બ્રિટિશ લશ્કરો અને યુદ્ધોત્પાદક કેન્દ્રોમાં તો આ સિંક્રોફોન ઘણું જ ઉપયોગી નીવડયું છે. યુદ્ધોત્તર પુનર્રચના વખતે પણ ફરતાં સિંક્રોફોનો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી વિષયક કેળવણી વગેરે આપવામાં એનો ઘણો જ સારો ઉપયોગ થઇ શકશે. સીનેમા દ્વારા કેળવણી આપવા કરતાં આ યંત્રની યોજના વધુ સુગમ પડી છે, કારણકે એનાં ચિત્રો ખુલ્લા પ્રકાશમાં પણ જોઈ શકાય છે, એ ઓછું ખર્ચાળ છે અને સહેલાઇથી હેરવીફેરવી શકાય એવું છે.

અખિલ હિંદ માઉન્ટ એવરેસ્ટ સાહસ (૨૭, સૂરજ બિલ્ડિંગ, મુંબાઈ ૧૩)ના સંયોજક ડૉ. એસ. એન. વાધાએ હિંદીઓએ માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાના સાહસની યોજના કરી છે. તેમણે તે માટે સ્વયંસેવકોની એક ટુકડી ઊભી કરી છે. તેમના ખરચની તથા સંજોગાનુસાર ચઢતાં મૃત્યુ થાય તો તેમના કુટુંબને વળતર આપવાની જોગવાઇ પણ કરવામાં આવી છે. આ રાષ્ટ્રીય સાહસ માટે મદદ આપવા ડૉ. વાધાએ અપીલ બહાર પાડી છે.

નવાં પુસ્તકો

જગતના ઇતિહાસનું રેખાદર્શન ખંડ પહેલો (પં. જવાહરલાલ નેહરૂએ પોતાની પુત્રીને જેલમાંથી લખેલા પત્રોના રૂપમાં તરુણો માટે ઇતિહાસનું રસળતું બયાન): અનુવાદક–મણિભાઈ ભ. દેસાઈ, પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર, ૫–૦–૦; **શ્રી યોગવાસિષ્ઠ:** સંપાદક–ગોપાળદાસ જીવાભાઈ પટેલ, પ્રકાશક–ગુજરાત વિદ્યાપીઠ, પ્રાપ્તિસ્થાન–નવજીવન કાર્યાલય કાળુપુર, અમદાવાદ, ૪–૦–૦; **અમારાં બા:** (કસ્તુરબા ગાંધીની જીવનકસ્તુરી) લેખિકા–વનમાળા પરીખ ને સુશીલા નય્યર, પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર, કાળુપુર અમદાવાદ, ૧–૮–૦; **ચૂપ નહિ રહેવાય** (ટૉલ્સ્ટૉયના નિબંધોનો અનુવાદ): અનુવાદક–ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ, પ્રકાશક–ઉપર મુજબ, ૨–૦–૦; **ખાદીવિદ્યા પ્રવેશિકા:** પ્રકાશક–ઉપર મુજબ, ૧–૮–૦; **સંકલીતા ભગવદ્‌ગીતા** (વિષયોના વિવેચનને અનુસરીને ચોપન અધ્યાયોમાં સંપાદિત કરેલી ગીતા): દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, પ્રકાશક–ઉપર મુજબ, ૧–૪–૦; The Scarlet Muse (પોલિશ ભાષાનાં કાવ્યોનો સમુચ્ચય: અંગ્રેજીમાં): સંપાદકો–ઉમા દેવી (વાન્ડા ડાયનોવ્સ્કા) અને હરિશ્ચન્દ્ર ભટ્ટ, પ્રકાશક–નાલંદા પ્રકાશનગૃહ, એન. એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨, ૩-૪-૦. **ઊર્મિમાળા:** મંગલતમ માતૃસ્વરૂપને ઉદ્દેશીને લખાયેલાં ૨૬૪ ચતુરપદ મુક્તકો) લેખક અને પ્રકાશક–પૂજાલાલ, શ્રી અરવિંદ આશ્રમ, પૉંડીચેરી. **સ્વામી રાવ** (સરદાર પૃથ્વીસિંહની જીવનકથા) લેખક–સુભદ્રા ગાંધી, મુખ્ય વિક્રેતા–લોકપ્રકાશન ગૃહ, સૅન્ડહર્સ્ટ રોડ, મુંબાઈ-૪ તથા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ અમદાવાદ. ૪–૦–૦; **ભીંતપત્રો દ્વારા લોકશિક્ષણ:** લેખક-બબલભાઇ મહેતા, પ્રકાશક–પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા, વડોદરા, ૧–૮–૦; **અમારી ઇન્દુનું શિક્ષણ:** મૂળ લેખક ના. ગ. પટવર્ધનના મરાઠી ઉપરથી અનુવાદક ગણેશરાવ રામરાવ ભોકરી, પ્રકાશક–ઉપર મુજબ, ૨–૦–૦; Economics of Non-Violence : by V. L. Mehta, 0-4-0; 20 Questions About Russia, by H. W. Henderson, 0-8-0, both Hamara Hindustan Publications, 23/2 Medows Street, Fort, Bombay; **વેનિસનો વેપારી** (શેક્સપીઅરના નાટકનો અનુવાદ–નિર્બંધ અનુષ્ટુપમાં) અનુવાદક-હંસાબહેન મહેતા, પ્રકાશક–એન. એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨, **સુનંદા** (પ્રત્યેક પતિ અને પત્નીની કથા): લેખક–રમણ ન. વકીલ, પ્રકાશક–પદ્મપ્રકાશન લિ., લક્ષ્મી બિલ્ડિંગ કોટ મુંબાઈ–૧, ૧-૮-૦; To Europa (લાંબુ અંગ્રેજી કાવ્ય): લેખક-પ્રકાશક બંને ઉપર મુજબ, ૦-૧૨-૦; **स्वर्गीय हेमचन्द्र** (संस्मरण) સંપાદક–યશપાલ જૈન, પ્રકાશક: નાથૂરામ પ્રેમી, હિંદી ગ્રંથરત્નાકર કાર્યાલય, હીરાબાગ, મુંબાઈ-૪; **જીવનનાટક** (સમાજ ચિત્રો): લેખક અને પ્રકાશક–બલદેવ પ્રહલાદ મોલિયા, સુરત, ૧–૦–૦; The Deliverance (A Novelette) વિખ્યાત બંગાળી લેખક શરત્‌ચન્દ્ર ચટ્ટોપાધ્યાયના મૂળ બંગાળી ઉપરથી અંગ્રેજીમાં અનુવાદ: અનુવાદક–દિલીપકુમાર રૉય, રવીન્દ્રનાથ ઠાકુરની પ્રસ્તાવના સાથે, પ્રકાશક–નાલંદા પબ્લિકેશન્સ, એન. એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ ૨, ૩-૪-૦. **રંગભૂમિ પરિષદ** (૧૯૩૭-૩૯): પહેલા અધિવેશનનાં ભાષણો, નિબંધો ને લેખો તથા રંગરંજન: પ્રકાશક–ચૈતન્યપ્રસાદ મો. દીવાનજી ગુજરાત સાહિત્ય સભા, ત્રણ દરવાજા, અમદાવાદ, ૨–૦–૦; **શ્રી બહાદુર રજતરશ્મિ:** પ્રકાશક–શ્રી બહાદુરસિંહજી રજતમહોત્સવ સમિતિ, પાલીતાણા; **નામૂલે મિલ્લત** (હઝરત મુહમ્મદ પયગંબર સાહેબની ૧૪૧૭મી જન્મજયંતી પ્રસંગે બહાર પાડેલો વાર્ષિક જયંતી અંક) સંપાદકો–યુસુફ 'દિલાવર' અને અબ્દુર્રહીમ 'બેદાર', પ્રકાશક–ઉસ્માન ભાયલા મુશીર, હોમ લિટરરી સોસાયટી, કુતિયાણા, ૦–૧૨–૦.

અશોક બાલ પુસ્તકમાળાનાં પુસ્તકો અંક ૧ થી ૧૩

હાસ્ય તરંગ: લેખક: રમણલાલ નાનાલાલ શાહ, ૦–૪–૦; **બાપુનો દાયરો:** લેખક–ડૉ. શિવપ્રસાદ કુ. ત્રિવેદી, ૦–૮–૦; **શાણો શિયાળ:** લેખક–મસ્તફકીર, ૦–૪–૦; **ચોપગાંની દુનિયા:** (ખંડ ૪) લેખક–રમણલાલ નાનાલાલ શાહ, ૦–૮–૦; **ઓઘો:** લેખક–હર્ષદ પટેલ, ૦–૪–૦; **ચાંદામામા:** લેખક–નાગરદાસ ઈ. પટેલ, ૦–૮–૦; **કોણ, કેમ અને શું?:** લેખક–પુરુષોત્તમદાસ હ. પટેલ, ૦–૪–૦; **નવીનવાઈઓ:** (ખંડ ૩) લેખક–રમણલાલ નાનાલાલ શાહ, ૦–૮–૦; **શામળ ભટ:** લેખક–નાગરદાસ ઈ. પટેલ, ૦–૪–૦ બધાં જ પુસ્તકો શ્રી જગમોહન મિસ્ત્રીનાં આલેખેલાં રંગબેરંગી ચિત્રોથી આકર્ષક બનાવાયાં છે. બધાનું મળવાનું સ્થળ–બાળ વિનોદ કાર્યાલય, ૧૪૯ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ–૨.

આ માસ ઈતિહાસમાં

એપ્રિલ

તા. ૧ આજના જર્મનીના ઘડવૈયા પોલાદી રાજપુરુષ બિસ્માર્કનો જન્મ, ૧૮૧૫.

તા. ૬ યુરોપની ચિત્રકળામાં રંગદર્શી પુનરૂજ્જીવન આણનાર કલાકાર રફાએલનો ઈટલીમાં ઉર્બિનો મુકામે જન્મ, ૧૫૨૦.

તા. ૯ બાટાનનું પતન થતાં ફિલિપાઈનમાં જાપાનની કબજાગીરી, ૧૯૪૦.

તા. ૧૨ અમેરિકન આંતરવિગ્રહમાં તોપનો પહેલો ધડાકો થઇ વિગ્રહ શરૂ થયો, ૧૮૬૧.

તા. ૧૫ જાણીતા અંગ્રેજ કવિ અને વિવેચક મૅથ્યુ આર્નૉલ્ડનું અવસાન, ૧૮૮૮.

તા. ૧૮ સત્તાવનના બળવાના સેનાપતિ તાત્યા ટોપેને શિપ્રી મુકામે ફાંસી, ૧૮૫૯.

તા. ૨૧ હિંદના જગનામી મુસ્લિમ કવિ સર મુહમ્મદ ઈકબાલનું અવસાન. ૧૯૩૮.

તા. ૩૦ ફ્રેન્ચ વિજ્ઞાની રૉંજને એક્સ કિરણોની શોધ કરી, ૧૮૯૫.

આ માસની વ્યક્તિવિશેષ

એમિલ ઝોલા



સૌથી વધુ વંચાએલો ને સૌથી વધુ ચર્ચાએલો, તગતગતી કલમનો આ તેજસ્વી સાહિત્યકાર, વાસ્તવદર્શી નવલો ને તીખાં વિવેચનો વડે ફ્રેન્ચ સાહિત્યમાં ઊંડા આંક મૂકી ગયો છે. ૧૮૪૦ની બીજી એપ્રિલે આઈ નામના ગામે ઇટાલિયન ઈજનેર ને ફ્રેન્ચ માતાને ખોળે એ જન્મ્યો. પિતા નાનો મૂકીને મરી ગયા અને બાપીકા ગામમાં મળ્યું તે શિક્ષણ લઈ ૧૮૫૮માં તે પારીસ ગયો, ત્યાં ૧૮૬૪માં તેની પહેલી નવલકથા બહાર પડી. તેથી હિંમત પામી કારકૂની છોડીને સાહિત્યક્ષેત્ર સ્વીકાર્યું, તે છેક જીવનના અંત સુધી કલમ ચાલુ રહી. પણ તેના જીવનનું ઝળહળતું કાર્ય–જેણે તેને હાલાકી ને ખ્યાતિ બંને આપ્યાં—તે તો, કુટિલ રાજકીય કાવત્રાંનો ભોગ બની દેશપાર થએલા ડ્રેફસ નામના એક નિર્દોષ કૅપ્ટનને બચાવવા તેણે પોતાની કલમ ઉઠાવી તે હતું. તે વિષે 'હું તહોમત મૂકું છું' નામનું એનું નીડર લખાણ જાણીતું છે. બે વાર તેમાં નિષ્ફળ બની તેને ઇંગ્લંડ જઇ વસવું પડયું, પણ અંતે સત્ય પ્રકાશ્યું અને તે વિજયી થયો. ૧૯૦૨ના સપ્ટેમ્બરની ૨૮મી એ રાત્રે, ઘરની સગડીમાંના ઝેરી ગૅસથી ગુંગળાવાને કારણે તેનું મૃત્યુ થયું.

અનુષ્ટુપ

મધુગંધ લઈને જો પુષ્પ ના જાય વેચવા
જ્ઞાની તેમ રહે સ્વસ્થ માખીઓ ધાય ચૂસવા

— રમણલાલ સોની

મહેતાજીએ ઘેરથી માગી લાવવા આપેલો એકધાર્યો અઘરો દાખલો આખા વર્ગમાં માત્ર એક જ વિદ્યાર્થી સાચો ગણી લાવ્યો હતો, તેથી પ્રસન્ન થઇ મહેતાજીએ તેને પહેલો નંબર આપ્યો. પણ થોડી વારે એ છોકરો રડવા લાગ્યો. તેના કારણની બહુ પૃચ્છપરછને અંતે તેણે જવાબ આપ્યો: 'મારે પહેલો નંબર નથી જોઇતો. આ દાખલો મારો ગણેલો નથી. મેં તમને છેતર્યા છે. મને માફ કરો 'મહેતાજીએ આ કબૂલતથી ખુશ થઇ માફી આપી. એ છોકરો તે ભારતસેવક ગોપાળ કૃષ્ણ ગોખલે.


કહેવતો કેમ પડી: 'કોડી હરામ ને બચકા હલાલ' લોકોને બતાવવા પૂરતું પ્રામાણિકપણું પાળીને યુક્તિપૂર્વકના બોલ કે કાર્યયોજના વડે પોતાનો સ્વાર્થ સંભાળી લેતા અને એ રીતે પોતાની જાતને તથા જનતાને છેતરતા માણસોની કાર્યરીતિ દર્શાવવા વપરાતી આ કહેવત વિષે એક વાત છે કે આખી જિંદગી ખૂબ નેકી અને અડગ પ્રામાણિકપણામાં ગાળનાર એક મિયાંને એક દિવસ રસ્તામાંથી એક કોડી અને એક બચકો જડ્યાં. કોડી તો કશી કીમતની ન હતી, પણ બચકો ખોલતાં તેમાં કીમતી ઝવેરાત વગેરે મત્તા નીકળી. જીવનભર પાળેલી નેકીને વળગી રહેવા માટે અંતરાત્મા એક તરફ આગ્રહ કરતો હતો, ને બીજી તરફ, જીવતરનું દાળદર ફેડી જઈફ અવસ્થામાં આરામ આપતી દોલતનું આકર્ષણ હતું; એ બંનેની ગડમથલમાં મિયાંએ વચલો માર્ગ કાઢ્યો અને ગામમાં એ માલ મળ્યાનો સાદ પાડવા નીકળ્યા: (ખૂબ મોટા સાદે) 'કિસીકી કોડી ગુમાઈ હૈ? (અને પછી માત્ર હોઠ ફફડે એમ ધીમેથી) કિસીકા બચકા ગુમાયા હૈ?' પણ કોડીનું કોઈ ઘરાક થયું નહિ; અને બચકાબાબતના બોલ તો એમના પોતાના કાન પણ નહોતા સાંભળતા તે લોકો તો શાના સાંભળે? એટલે તે કોઇ લેવા ન આવ્યું. અને માલ વગરની કોડીને હરામ ઠરાવીને મિયાંએ ફેંકી દીધી અને બચકાને હલાલ ઠરાવી રાખી લીધો!

રૂપિયાની નોટો માટેનો કાગળ તથા તેની રંગબેરંગી છપામણી આદિનું ગણીને એક નોટ દીઠ કુલ ખર્ચ ⅛ પાઈ જેટલું જ આવે છે.

ખોટી જોડણીથી થતા અર્થના અનર્થ

પુરી=નગરી	પૂરી=સંપૂર્ણ
બિન=વિના, વગર	બીન=વીણા
સુર=દેવ	સૂર=સ્વર
મરીચિ=કિરણ	મરીચી=સૂર્ય
મિલન=મેળાપ	મીલન=બંધ કરવું તે
મેદની=ભીડ	મેદિની=પૃથ્વી
રતિ=પ્રીતિ	રતી=ચણોઠી
રવિ=સૂર્ય	રવી=પાકનો પ્રકાર
સંભારવું=યાદ કરવું	સંભાળવું=કાળજી કરવી
સહજ=સ્વાભાવિક	સહેજ=જરાક
સૂજ=સોજો	સૂઝ=સમજણ
સુરત=શહેર	સૂરત=ચહેરો
સુત=પુત્ર	સૂત=સારથિ

(લલિત શાહ)



એન્સાઇક્લોપીડિયા જેવી ક્રમબદ્ધ ગ્રંથમાળાના સેટની પીઠ પર કર્ણરેખા એ એક ત્રાંસી પટ્ટી કોરી રાખી હોય તો કોઇ પુસ્તક વિરુદ્ધક્રમમાં ગોઠવાતાં તરત દેખાઈ આવે છે.

ગણિતગમ્મત

પાસેપાસેની કોઇપણ ત્રણ સંખ્યા લો. તેમાં પહેલી અને છેલ્લી સંખ્યાનો ગુણાકાર કરી તેમાં ૧ ઉમેરો એટલે વચલી સંખ્યાનો વર્ગ જ આવશે. દાખલા તરીકે—

૩,૪,૫ એમાં ૩×૫+૧=૪²
૪,૫,૬ ,, ૪×૬+૧=૫²
૫,૬,૭ ,, ૫×૭+૧=૬²

અને એમ આગળ છેક સુધી (મ.ના.ખત્રી)

બટકી ગએલી કચકડાની જાડી બંગડી પગે પહેરવાની 'સાઈકલ-કિલપ'નું કામ આપશે.

ચાહ-કૉફીની ભૂકીના કે દૂધ જેવી કોઈ વસ્તુના અકબંધ ડબાનું પતરું ફાવે તેમ તોડીને ખોલવા કરતાં છીણી વડે બરાબર વચ્ચે દોઢ ઇંચનો કાપ પાડવાથી અંદરની વસ્તુનો ઉપયોગ કર્યા પછી ખાલી ડબ્બાનો પણ પૈસા સંઘરવાની પેટી જેવો ઉપયોગ થઈ શકશે.—પુ.

એક રૂપિયાના સિક્કાનું જીવન ૫૦ વર્ષનું અટકળવામાં આવે છે.




હિંદમાં સૌથી પ્રાચીનકાળથી (આશરે ૩૦૦૦ વર્ષ પૂર્વેથી) પ્રચલિત 'પંચ માર્ક્ડ' અડી છાપના સિક્કાઓ (જુઓ અંક ૨૫૩) કે જે ચોક્કસ વજનના પતરાના કટકા ઉપર, વિવિધ સંજ્ઞાઓના પંચ (અડીની છાપ) મારીને જુદાજુદા શરાફો, વ્યાપારી મંડળો અને રાજાઓ બહાર પાડતા, તે સાથે ઢાળાઓમાં ધાતુનો રસ રેડીને પણ સિક્કાઓ પાડવાની પ્રથા ઇ.સ. પૂર્વે પાંચમી સદીથી હતી એકીસાથે રસ રેડીને ઘણા સિક્કાઓ પાડી શકાય એ હેતુથી આવા ઘણા ઢાળા જોડાએલા પણ રહેતા, જેના બહુ નમૂના મળે છે. આ ઉપર આપેલા ત્રાંબાના એવા જોડિયા સિક્કાના નમૂનામાંથી એકમાં ત્રણ કમાનવાળો ચૈત્ય અને તેના પર બીજના ચન્દ્રની સંજ્ઞાઓ છે. બીજામાં હાથી છે. પંચના માર્કવાળા સિક્કાઓમાં આવા જ પ્રકારની વિવિધ સંજ્ઞાઓ છાપેલી આપણે અંક ૨૫૩માં જોઈ છે. તે પછી ગરમ ધાતુ પર સીલની માફક ડાઈ (મુદ્રા)વડે ઊંડી છાપ પાડીને સિક્કાઓ બનાવવાની પદ્ધતિ શરૂ થઇ. તેમાં ઘણી વાર સિક્કાની બંનેબાજુ જુદીજુદી મુદ્રા પણ પાડવામાં આવતી. છતાં ઢાળાથી પાડેલા સિક્કા પણ કૌસમ્બી, અયોધ્યા અને મથુરામાં છેક ત્રીજી સદી સુધી પ્રચલિત હતા. ડાઈ-બીબાં વડે છપાતા સિક્કાઓમાં સિંહ, હાથી, નંદી અને અન્ય ધાર્મિક સંજ્ઞાઓ પણ છાપવામાં આવતી અને પછીથી રાજાઓનાં નામ પણ



છપાતાં. અહીં ઉપર આપેલો ત્રાંબાનો સિક્કો પંચાલના ફાલ્ગુનીમિત્ર રાજાનો છે, જેની એક તરફ કમળ ઉપર ઊભેલી માનવમૂર્તિ તથા પડખે એક સંજ્ઞા છે; અને બીજી બાજુ ઉપલી હારમાં ત્રણ સંજ્ઞાઓ તથા નીચલી હારમાં બ્રાહ્મી લિપિમાં 'ફાલ્ગુનીમિત્રસ' એમ લખેલું છે.

લેંઘા કે પાયજામામાં એક પર બીજો એમ બે નેફા કરાવ્યા હોય તો નાડું ઉપરના નેફામાં બાંધીને લેંઘો નીચો, ને નીચેના નેફામાં બાંધીને ઊંચો, એમ જરૂરિયાત અનુસાર ફેરફાર કરી શકવાની સગવડ થશે. (પુ. પ્રા.)



ત્રિમૂર્તિ શિવ

એલિફન્ટાનું શિલ્પ • ફોટો: એમ. હુર્લિમાન

મુંબાઈ પાસે એલિફન્ટા (ધારાપુરી)ના બેટ પરના ગુફામંડપોમાંનાં આશરે દસમી સદીનાં અદ્વિતીય શિલ્પસમૂહમાંની કેન્દ્રસ્થ મૂર્તિ. જેમાં શિવનાં ત્રણ સ્વરૂપો (સર્જક, પરિપાલક, સંહારક)નું આલેખન છે. ઇંગ્લંડના કલાચાર્ય સર વિલિયમ રોથેન્સ્ટાઈન એ શિલ્પો વિષે લખે છે: 'માનવને ડારતી, ધ્યાનમસ્ત, કુદરતની સત્તા ને શાન્તિ તથા સંહાર ને સર્જનની શક્તિઓ ધારણ કરી રહેલી, જન્મની યાતના નિદ્રાની શાન્તિ ને મૃત્યુનો આરામ દાખવતી એ મૂર્તિઓને જોઇને એ પ્રચંડ શિલ્પ અને દશ્ય કલાના અભિનવ સ્વરૂપની તાજગીના મેં અનુભવ કર્યો.' (જુઓ આ અંકમાંના લેખો)